# HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**EFFECTIVE FROM JUNE 2023-24 UNDER NEP**

**PROGRAMME OUTCOMES**

**હેમચંદ્રાચાર્યઉત્તરગુજરાતયુનિવર્સિટી, પાટણ**

**વિનયન વિદ્યાશાખા**

**રાષ્ટ્રીય શિક્ષણનીતિ ( NEP – 2020 ) પ્રમાણેનો**

**B. A. - ગુજરાતી વિષયનો અભ્યાસક્રમ**

**અભ્યાસક્રમના હેતુઓ (Outcomes)**

૧. વિદ્યાર્થીઓની સાહિત્યિકદૃષ્ટિ,કલ્પનાદૃષ્ટિ અને સૌંદર્યદૃષ્ટિ વિકસે.
૨. સાહિત્ય એ સમાજનું દર્પણ છે,સમાજનું પ્રતિબિંબ છે એટલે સમાજ અને સાહિત્યની બદલાતી ક્ષિતિજો અભ્યાસક્રમ દ્વારા વિદ્યાર્થીઓ જાણે.
૩. સ્વરૂપ અને વિષયવૈવિધ્યની દૃષ્ટિએ સાહિત્યનો અભ્યાસ કરે.
૪. સાહિત્યિકકૃતિઓદ્વારા વિદ્યાર્થીઓ ભાષાભિમુખ,સાહિત્યાભિમુખ,કલાભિમુખ અને જીવનાભિમુખ બને.
૫. વિદ્યાર્થીઓમાં ભાષાસજ્જતા અને ભાષાકૌશલનો વિકાસ થાય.
૬. વિદ્યાર્થીઓ ભાષા – સાહિત્યના અધ્યયન દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વનો ખ્યાલ કેળવે.
૭. વિદ્યાર્થીઓ ભારતીયતાના ભાવ – વિચાર – વારસો – સંસ્કૃતિને જાણે.
૮. વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સક્ષમ બને.
૯. વિદ્યાર્થીઓમાં સર્જનકૌશલ અને લેખનકૌશલ વિકસે.
૧૦. સાહિત્યના અધ્યયન દ્વારા ચારિત્ર્યનિર્માણ થાય.
૧૧. સાહિત્ય દ્વારા જીવનમૂલ્યોઅને નૈતિકમૂલ્યોનું જતન અને સંવર્ધન થાય.
૧૨. વિદ્યાર્થીઓ સંવેદનશીલ બને. ભારતીય અને વિશ્વના નાગરિકો પ્રત્યે બંધુત્વભાવ અને સમભાવ કેળવે.
૧૩. 'હું ગૂર્જર- ભારતવાસી' એવી ભાવના દૃઢ કરે.
૧૪. વિશ્વબંધુત્વની ભાવના કેળવે.
૧૫. વ્યકિતગત જીવન સાથે સમષ્ટિનું જીવન દેદીપ્યમાન બનાવવાની ઝંખના રાખે.

# HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**EFFECTIVE FROM JUNE 2023-24 UNDER NEP**

**SYLLABUS FRAME WORK**

**B. A. - GUJARATI**

**(SEMESTER – 1 & 2)**

| Semester | Discipline | Course Code | Course Name | Unit | Internal Marks | External Marks | Course Credit |
|---|---|---|---|---|---|---|---|
| | | AR23MJDSCGUJ101 | પદ્યકૃતિનો અભ્યાસ : મધ્યકાલીન | 4 | 50 | 50 | 4 |
| | | AR23MJDSCGUJ101A | ગદ્યકૃતિનો અભ્યાસ : અર્વાચીન | 4 | 50 | 50 | 4 |
| | | AR23MIDSCGUJ102 | પદ્યકૃતિનો અભ્યાસ : અર્વાચીન | 4 | 50 | 50 | 4 |
| | | AR23MDCGUJ103 | સાહિત્યકૃતિનો અભ્યાસ : ગદ્ય | 4 | 50 | 50 | 4 |
| 1 | | AR23AECGUJ104 | ગદ્ય અને વ્યાવહારિક વ્યાકરણ | 3 | 25 | 25 | 2 |
| 1 | | AR23IKSGUJ105 | ભારતીય જ્ઞાનપરંપરા-૧ | 3 | 25 | 25 | 2 |
| 1 | | AR23IKSGUJ105A | ભારતીય જ્ઞાનપરંપરા-૨ | 3 | 25 | 25 | 2 |
| 1 | | AR23IKSGUJ105B | ભારતીય જ્ઞાનપરંપરા-૩ | 3 | 25 | 25 | 2 |
| 1 | | AR23IKSGUJ105C | ભારતીય જ્ઞાનપરંપરા-૪ | 3 | 25 | 25 | 2 |
| 1 | | AR23SECGUJ106 | ભાષા સજ્જતા અને લેખનકૌશલ-૧ | 3 | 25 | 25 | 2 |
| 1 | | AR23SECGUJ106A | વ્યવહારભાષા-૧ | 3 | 25 | 25 | 2 |
| 1 | | AR23SECGUJ106B | અનુવાદકલા-૧ | 3 | 25 | 25 | 2 |
| 1 | | AR23SECGUJ106C | સાહિત્યિક પત્રકારત્વ-૧ | 3 | 25 | 25 | 2 |
| 1 | | AR23SECGUJ106D | પ્રૂફરીડિંગ-૧ | 3 | 25 | 25 | 2 |
| | | AR23MJDSCGUJ201 | પદ્યકૃતિનો અભ્યાસ : અર્વાચીન | 4 | 50 | 50 | 4 |
| | | AR23MJDSCGUJ201A | સાહિત્યસ્વરૂપનો અભ્યાસ - નાટક | 4 | 50 | 50 | 4 |
| | | AR23MIDSCGUJ202 | ગદ્યકૃતિનો અભ્યાસ – અર્વાચીન | 4 | 50 | 50 | 4 |
| | | AR23MDCGUJ203 | સાહિત્યકૃતિનો અભ્યાસ : ગદ્ય | 4 | 50 | 50 | 4 |
| | | AR23AECGUJ204 | ગદ્ય અને વ્યાવહારિક વ્યાકરણ | 3 | 25 | 25 | 2 |
| | | AR23VACGUJ205 | સાહિત્ય અને સમાજ –૧ | 3 | 25 | 25 | 2 |
| | | AR23VACGUJ205A | સાહિત્ય અને માનવમૂલ્યો –૧ | 3 | 25 | 25 | 2 |
| | | AR23VACGUJ205B | આપણું લોકસાહિત્ય – ૧ | 3 | 25 | 25 | 2 |

# HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**EFFECTIVE FROM JUNE 2023-24 UNDER NEP**

| Semester | Discipline | Course Code | Course Name | Unit | Internal Marks | External Marks | Course Credit |
|---|---|---|---|---|---|---|---|
| | | AR23VACGUJ205C | સાહિત્ય અને માનવવિદ્યાઓનો સંબંધ-૧ | 3 | 25 | 25 | 2 |
| | | AR23SECGUJ206 | ભાષા સજ્જતા અને લેખનકૌશલ - ૨ | 3 | 25 | 25 | 2 |
| | | AR23SECGUJ206A | વ્યવહારભાષા - ૨ | 3 | 25 | 25 | 2 |
| | | AR23SECGUJ206B | અનુવાદકલા - ૨ | 3 | 25 | 25 | 2 |
| | | AR23SECGUJ206C | સાહિત્યિક પત્રકારત્વ - ૨ | 3 | 25 | 25 | 2 |
| | | AR23SECGUJ206D | પ્રૂફરીડિંગ - ૨ | 3 | 25 | 25 | 2 |

# HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**EFFECTIVE FROM JUNE 2023-24 UNDER NEP**

**PROGRAMME CODE : ARTUG101**
**COURSE CODE : AR23MJDSCGUJ101**
**SEMESTER : 01**
**COURSE NAME : પદ્યકૃતિનો અભ્યાસ - મધ્યકાલીન**

નિયત કૃતિ : સુદામાચરિત્ર : પ્રેમાનંદ

સંપાદકો : લાભશંકર ઠાકર, પ્રસાદ બ્રહ્મભટ્ટ

પ્રકાશક : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ

| Total Credits : 04 ( 04 Period/Week ) | Theory | External – 50 Marks |
|---|---|---|
| | | Internal – 50 Marks |

**Course Outcome : ( હેતુઓ )**

**વિદ્યાર્થીઓ -**

- મધ્યકાલીનગુજરાતીસાહિત્યનાંપ્રમુખ સાહિત્યસ્વરૂપોનો પરિચય મેળવે.
- મધ્યકાળનાઆખ્યાનશિરોમણીપ્રેમાનંદનાજીવનઅનેકવનવિશેજાણે.
- જ્ઞાન – ભક્તિ – કર્મનો મહિમા સમજે.
- મિત્રપ્રેમ કેવો હોય તે જાણે.
- ભાષા અને વ્યાકરણની પાયાની સમાજ કેળવે.
- વ્યાવહારિક લેખન પ્રત્યે અભિમુખ બને.
- માતૃભાષા સાથે નિસબત કેળવે.

| અ.નં. | એકમ | | ક્રેડિટ | કલાક |
|---|---|---|---|---|
| ૧ | એકમ–૧ | ( ૧ ) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના પ્રમુખ પદ્યપ્રકારો ( પદ,રાસ – રાસો , ફાગુ, પ્રબંધ,આખ્યાન, પદ્યવાર્તા)નો પ્રાથમિક પરિચય.<br>( ૨ ) પાઠ્યકૃતિનું સાહિત્યસ્વરૂપ<br>( 3 ) આખ્યાનકવિ પ્રેમાનંદનું જીવન અને કવન<br>( ૪ ) આખ્યાનનો ઉદ્ભવ અને વિકાસ | 1 | અઠવાડિકચારકલાક |
| ૨ | એકમ–૨ | ( ૧ ) સાહિત્યસ્વરૂપને આધારે કૃતિસમીક્ષા<br>( ૨ ) કૃતિને આધારે સર્જકની વિશેષતાઓઅને મર્યાદાઓ<br>( 3 ) યુગસંદર્ભે કૃતિનું મૂલ્યાંકન | 1 | |
| 3 | એકમ–3 | **કૃતિ આધારિત ટૂંક નોંધો**<br>( જેમકે,વસ્તુસંકલના, પાત્રાલેખન,વર્ણનો, રસનિરૂપણ,ભાષાશૈલી,સામાજિક | 1 | |

| | | | | |
|---|---|---|---|---|
| | | સંદર્ભ – વગેરે. | | |
| ૪ | એકમ–<br>૪ | **ભાષાસજ્જતા**<br>• **વિરામચિહ્નો**:<br>• પૂર્ણત્વચિહ્નો : પૂર્ણવિરામ,પ્રશ્નવિરામ,ઉદ્ગારવિરામ, અર્ધવિરામ<br>• અપૂર્ણત્વચિહ્નો : અલ્પવિરામ, ગુરુવિરામ,ગુરુરેખા<br>• અન્ય ચિહ્નો : લઘુરેખા,લોપચિહ્ન, અવતરણચિહ્ન,વિગ્રહરેખા,કાકપદ,તિર્યકરેખા,કૌંસ,<br>• ( વિદ્યાર્થીએ વિરામચિહ્નની સંજ્ઞા ( સંકેત ) જણાવી તેનો ઉપયોગઅને ઉદાહરણઆપવાનું રહેશે.આઠમાંથી ગમે તે છ વિશે જવાબ લખવાના રહેશે. ) | 1 | |

સંદર્ભગ્રંથો :

૧. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ( મધ્યકાલીન ) : અનંતરાય રાવળ ( ગૂર્જર પ્રકાશન, અમદાવાદ )
૨. ગુજરાતી સાહિત્યની વિકાસરેખા ( મધ્યકાલીન ) : ધીરુભાઈ ઠાકર ( ગૂર્જર )
૩. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ – ૧ ૨-: ગુજરાતી સાહિત્ય પરિષદ
૪. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ : પ્રસાદ બ્રહ્મભટ્ટ ( પાર્શ્વ )
૫. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ : ડૉ. રમેશ ત્રિવેદી ( આદર્શ )
૬. આખ્યાનકવિ પ્રેમાનંદ : કે. કા. શાસ્ત્રી ( આદર્શ )
૭. કવિ શિરોમણી પ્રેમાનંદ : પ્રસાદ બ્રહ્મભટ્ટ ( પાર્શ્વ )
૮. ગુજરાતી વ્યાવહારિક વ્યાકરણ : અરવિંદ ભાંડારી ( અરુણોદય પ્રકાશન, અમદાવાદ )
૯. ગુજરાતી લેખન : નિયતિ અંતાણી ( અરુણોદય )
૧૦. ગુજરાતી વિષયવસ્તુ : પ્રિ.નટુભાઈ રાવલ ( નીરવ પ્રકાશન,અમદાવાદ )

## HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**EFFECTIVE FROM JUNE 2023-24 UNDER NEP**

**PROGRAMME CODE : ARTUG101**
**COURSE CODE : AR23MJDSCGUJ101A**
**SEMESTER : 01**
**COURSE NAME : ગદ્યકૃતિનો અભ્યાસ ( અર્વાચીન )**

**નિયત કૃતિ : ‘ કૂવો’ –અશોકપુરી ગોસ્વામી**

**પ્રકાશક : આર. આર.શેઠ ઍન્ડ કં.પ્રા. લિ., અમદાવાદ**

| | | |
|---|---|---|
| Total Credits : 04 ( 04 Period/Week ) | Theory | External – 50 Marks<br>Internal – 50 Marks |

**Course Outcome : ( હેતુઓ )**

**વિદ્યાર્થીઓ -**

- અર્વાચીન ગુજરાતી સાહિત્યના પ્રમુખ ગદ્યપ્રકારો વિશે જાણે.
- નવલકથાનાં સ્વરૂપગત લક્ષણોનો પરિચય મેળવે.
- ગુજરાતી નવલકથાની ગતિવિધિથી પરિચિત થાય.
- ગુજરાતીની પ્રતિનિધિ નવલકથાઓના સંપર્કમાં આવે.
- ભાષા સજ્જતા પ્રાપ્ત કરે.
- વ્યાવહારિક વ્યાકરણની સમજ વિકસાવે.
- સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સક્ષમ બને.

| અ.નં. | એકમ | | ક્રેડિટ | કલાક |
|---|---|---|---|---|
| ૧ | એકમ– ૧ | ( ૧ ) અર્વાચીન ગુજરાતી સાહિત્યનાપ્રમુખ ગદ્યપ્રકારો ( નવલકથા, ટૂંકી વાર્તા, એકાંકી, લલિત નિબંધ,લઘુકથા ) નો પ્રાથમિક પરિચય<br>( ૨ ) પાઠ્યકૃતિનું સાહિત્યસ્વરૂપ<br>( 3 ) સર્જક અશોકપુરીનું જીવન અને સાહિત્યિક પ્રદાન<br>( ૪ ) સર્જકવ્યક્તિત્વનાં ઘડતરબળો | 1 | અઠવાડિક ચાર કલાક |
| ૨ | એકમ– ૨ | ( ૧ ) સ્વરૂપ આધારિત કૃતિસમીક્ષા<br>( ૨ ) કૃતિને આધારે સર્જકની વિશેષતાઓ અને મર્યાદાઓ<br>( 3 ) સાંપ્રત નવલકથા સાહિત્યમાં કૃતિનું સ્થાન | 1 | |
| 3 | એકમ– 3 | **કૃતિ આધારિત મહત્ત્વની ટૂંક નોંધો**<br>( જેમકે,પરિવેશ,પાત્રનિરૂપણ,સંઘર્ષ, પ્રસંગો,સંવાદો,ગદ્ય વગેરે ) | 1 | |
| ૪ | એકમ– | **ભાષાસજ્જતા ( જુઓ,પરિશિષ્ટ )** | 1 | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૪ | ૧. શબ્દસમૂહ માટે એક શબ્દ ( નિયત કરેલા શબ્દોમાંથી )<br>૨. વર્ણભેદે અર્થભેદ ( નિયત કરેલા શબ્દોમાંથી ) | | |

સંદર્ભગ્રંથો :

૧. નવલકથા : પ્રવીણ દરજી – યુનિ.ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ
૨. નવલકથા – શિલ્પ અને સ્વરૂપ : નરેશ વેદ – પાર્શ્વ પ્રકાશન,અમદાવાદ
૩. સ્વરૂપ સન્નિધાન : સં. સુમન શાહ – પાર્શ્વ
૪.નવલકથા : શિરીષ પંચાલ – અરુણોદય પ્રકાશન, અમદાવાદ
૫. ફ્રવો – મેઘાણી પરંપરાનું સાતત્ય, વિ – વિદ્યાનગર , ફેબ્રુઆરી, ૨૦૦૮, અંક – ૨ : ભરત મહેતા
૬. ફ્રવો – વિશે : પરબ – એપ્રિલ,૧૯૯૮ : પારુલ રાઠોડ
૭. ગ્રામજીવનની સાઠોત્તરી ગુજરાતી નવલકથા – ડૉ . કે. એમ. મકવાણા
૮. ગુજરાતી શબ્દાર્થકોશ: યોગેન્દ્ર વ્યાસ, અરવિંદ ભાંડારી – અરુણોદય પ્રકાશન,અમદાવાદ
૯. ભાષા સજ્જતા અને લેખન કૌશલ : યોગેન્દ્ર વ્યાસ – અરુણોદય
૧૦. ગુજરાતી વિષયવસ્તુ : પ્રિ.નટુભાઈ રાવલ – નીરવ
૧૧.ફ્રવો – વિશે યુ ટ્યુબ વ્યાખ્યાન: શરીફા વીજળીવાળા : https:// youtu.be/9MJz12Aw9wk
૧૨. ફ્રવો : ગુજરાતીવિશ્વકોશ

## શબ્દસમૂહ માટે એક શબ્દ

| | | | |
|---|---|---|---|
| ૧. | જેની બુદ્ધિ સ્થિર છે તે | : | સ્થિતપ્રજ્ઞ |
| ૨. | તત્ત્વને જાણનાર વ્યક્તિ | : | તત્વજ્ઞ |
| ૩. | પ્રયત્ન કર્યા વિના | : | અનાયાસ |
| ૪. | સહેલાઈથી મેળવી શકાય તેવું | : | સુલભ |
| ૫. | પૂર્વે ન જોયું હોય તેવું | : | અપૂર્વ |
| ૬. | પગે ચાલવાનો રસ્તો | : | પગદંડી |
| ૭. | ચાલવાનો અવાજ | : | પગરવ |
| ૮. | એક જ સમયમાં થઈ ગયેલા | : | સમકાલીન |
| ૯. | જેની પત્ની મૃત્યુ પામી છે તે પુરુષ | : | વિધુર |
| ૧૦. | આંખ આગળ ખડું થઈ જાય તેવું | : | તાદૃશ |
| ૧૧. | ત્રણ કલાકનો સમયગાળો | : | પ્રહર |
| ૧૨. | ભોજન પછી ડાબે પડખે સૂવું તે | : | વામકુક્ષી |
| ૧૩. | ચમકની છાંટવાળો આરસપહાણ | : | સંગેમરમર |
| ૧૪. | ધર્મમાં અંધ હોવું તે | : | ધર્માંધ |
| ૧૫. | ઈચ્છા મુજબ ફરવું | : | સ્વૈરવિહાર |
| ૧૬. | ડાબે હાથે બાણ ફેંકી શકે તેવો | : | સવ્યસાચી |
| ૧૭. | વસંત જેવી સુંદર સ્ત્રી | : | ફાલ્ગુની |
| ૧૮. | ધનુષ્યની દોરી | : | પણછ |
| ૧૯. | ઊંચે ચડાવનારું | : | ઊર્ધ્વગામી |
| ૨૦. | પ્રવાહની મધ્યધારા | : | મઝધાર |
| ૨૧. | છોડી દેવા યોગ્ય | : | ત્યાજ્ય |
| ૨૨. | જોઈ ન શકાય તેવું | : | અદીઠું |
| ૨૩. | દિશા અને કાળનો સમૂહ | : | દિક્કાલ |
| ૨૪. | માથે પહેરવાનું વસ્ત્ર | : | શિરપાવ |
| ૨૫. | ઝાડની છાલનું વસ્ત્ર | : | વલ્કલ |
| ૨૬. | પથ્થર પર કોતરેલો લેખ | : | શિલાલેખ |
| ૨૭. | ચંદ્ર જેવા મુખવાળી | : | શશીવદની |
| ૨૮. | રથ હાંકનાર | : | સારથિ |
| ૨૯. | કન્યા પોતે વર પસંદ કરે તે | : | સ્વયંવર |
| ૩૦. | યાદગીરીરૂપે રચાયેલી ઈમારત | : | સ્મારક |
| ૩૧. | હાથીનો ચાલક | : | મહાવત |
| ૩૨. | મૂળમાં હોય એના જેવી જ કૃતિ | : | પ્રતિકૃતિ |

૩૩. નાશ ન પામે એવું : અવિનાશી
૩૪. નિયમમાં રાખનાર : નિયંતા
૩૫. માથે બાંધવાનો છોગાંવાળો સાફો : શિરપેચ
૩૬. વિનાશ જન્માવનાર કેતુ : પ્રલયકેતુ
૩૭. બીજા કશા પર આધાર રાખતું : સાપેક્ષ
૩૮. દહીં વલોવવાથી નીકળતું સત્ત્વ : ગોરસ
૩૯. સમગ્ર જગતનું પોષણ કરનાર : વિશ્વંભર
૪૦. બાળકો તરફનું વહાલ : વાત્સલ્ય
૪૧. અંગૂઠા પાસેની આંગળી : તર્જની
૪૨. પવન જેવા વેગથી દોડનાર : પવનવેગી
૪૩. સારું-નરસું ગ્રહણ કરવાની શકિત : વિવેક
૪૪. જેને જોઈ કે સમજી ન શકાય તેવું : અગોચર
૪૫. પૃથ્વીની ઉપરની સપાટી : ધરાતલ
૪૬. સમાધાન શક્ય ન હોય તેવી ગૂંચ : મડાગાંઠ
૪૭. જેનો કોઈ શત્રુ નથી તે : અજાતશંત્રુ
૪૮. વાદળથી ઢંકાયેલું : અભ્રાવૃત્ત
૪૯. ઝાકળથી શોભાયમાન : તુષારમંડિત
૫૦. બે ડુંગરા વચ્ચેનો સાંકડો માર્ગ : ઘાંટી
૫૧. મુખમાંથી બહાર પ્રગટતી વાણી : વૈખરી
૫૨. સમાધાન ન થઈ શકે તેવું : અસમાધેય
૫૩. હ્રદયની વાત જાણનાર : અંતર્યામી
૫૪. સમુદ્રમાં રહેલો'અગ્નિ : વડવાનલ
૫૫. અગ્નિની જ્વાળાઓનો સમૂહ : જ્વાલાવલિ
૫૬. પરસેવાનું ટીપું : સ્વેદબિંદુ
૫૭. સિંહની ગર્જના : ડણક
૫૮. હાથીની સૂંઢની અણી : કર્ણિકા
૫૯. બારસાખનો ઉપલોભાગ : ઓતરંગ
૬૦. એક આંખવાળું : એકાક્ષ
૬૧. યજ્ઞ કરાવનાર બ્રાહ્મણ : ઋત્વિજ
૬૨. જડમૂળથી કાઢી નાખવું તે : ઉન્મૂલન
૬૩. ઊંચી ડોકવાળું : ઉદ્ગ્રીવ
૬૪. કુટુંબ કે વતનનો સ્થાન-ત્યાગ કરવો એ : હિજરત
૬૫. મસ્તક પર ડાળીવાળી સ્ત્રીનું શિલ્પ : શાલભંજિકા
૬૬. જમીન પર સૂઈ આઠેય અંગથી કરેલા પ્રણામ : સાષ્ટાંગપ્રણામ
૬૭. છાપરાનાં ટેકારૂપ મુખ્ય આડું લાકડું : મોભ
૬૮. મરણ વખતનું ખતપત્ર : વસિયતનામું
૬૯. સમુદ્રમાંથી જીવનો જોખમે મોતી લાવનાર : મરજીવા
૭૦. જેના સ્પર્શથી લોખંડ સુવર્ણ બને છે તે : પારસમણિ
૭૧. હાથીના માથા ઉપર બે બાજુ ઊપસી આવેલો ભાગ : કુંભસ્થળ
૭૨. તરત જન્મેલા બાળકને ગોળ વગેરેનું પાણી આપવાની ક્રિયા : ગળથૂંથી
૭૩. હથિયાર તરીકે ફૂલનો ઉપયોગ કરનાર કામદેવ : પુષ્પધન્વા

| | | | |
|---|---|---|---|
| ૭૪. | લડાઈ વખતે જોમ-જુસ્સો પ્રેરે એવું ગીત | : | સંગ્રામગીત |
| ૭૫. | બન્ને બાજુ વગાડી શકાય એવું ઢોલક | : | મૃદંગ |
| ૭૬. | બન્ને બાજુને જોડનાર | : | ઉભયાન્વયી |
| ૭૭. | જેના મૂળિયાં ઉપરની બાજુ જતાં હોય તેવું | : | ઊર્ધ્વમૂલ |
| ૭૮. | પરાજય કરનારું | : | અભિભાવક |
| ૭૯. | જેની આશા ન હોય તેવું | : | અપ્રત્યાશિત |
| ૮૦. | અર્થને પ્રગટ કરનારું | : | અર્થદ્યોતક |
| ૮૧. | મુશ્કેલીથી જોઈ શકાય એવું | : | દુર્દર્શ |
| ૮૨. | ટચલી આંગળી | : | કનિકા |
| ૮૩. | પોતાને જ નુકશાન કરનારું | : | આત્મવિઘાતક |
| ૮૪. | કાબૂમાં રાખવું મુશ્કેલ એવું પ્રબળ | : | દુર્દમ |
| ૮૫. | એકબીજામાં પરોવાયેલું | : | ઓતપ્રોત |
| ૮૬. | મરણ પામેલું | : | દિવંગત |
| ૮૭. | જેનું શરીર દૂબળું છે તે | : | ક્ષીણવપુ |
| ૮૮. | તત્ત્વને જાણવાની-શોધવાની વૃત્તિવાળું | : | તત્ત્વાન્વેષી |
| ૮૯. | ખરાબ વર્તનવાળું | : | દુર્વિનીત |
| ૯૦. | ધન પ્રાપ્ત કરવું તે | : | દ્રવ્યોપાર્જન |
| ૯૧. | કાનમાં વાત કહેવી તે | : | કાનાફૂસી |
| ૯૨. | સૂચિત કે ગર્ભિત અર્થ | : | નિહિતાર્થ |
| ૯૩. | કાવ્યમાં જ્યાં કોઈ વિશેષ અર્થ પૂરો થાય તે સ્થળ | : | પરિન્યાસ |
| ૯૪. | સાંસ્કૃતિક વારસો | : | ધરોહર |
| ૯૫. | ઓળખ છુપાવીને રહેવું તે | : | અજ્ઞાતવાસ |
| ૯૬. | આંખોનું ઊઘડવું તે | : | ઉન્મીલન |
| ૯૭. | ગામના પાદર પરની ગોચર જમીન | : | ગભાણ |
| ૯૮. | ઘર બાંધવા માટેની જગ્યા | : | ઘરથાળ |
| ૯૯. | યાદ કરવા માટે ફરીથી લખાયેલો પત્ર | : | સ્મૃતિપત્ર |
| ૧૦૦. | જ્યાં ચિત્રો પ્રદર્શિત થાય છે તે જગ્યા | : | ચિત્રવીથિ |
| ૧૦૧. | નાહવાનું પાણી ઊનું મૂકવાનું વાસણ | : | ઉનામણું |
| ૧૦૨. | રંગભૂમિનો પડદો | : | નેપથ્ય |
| ૧૦૩. | પાણીમાં ડૂબે ને અંદર ચાલે તે | : | પનડૂબી |
| ૧૦૪. | મંડપની બહારનો ખુલ્લો ચોક | : | ચાચર |
| ૧૦૫. | દેવને ધરાવેલી ખાવાની વસ્તુ | : | નેવેદ |
| ૧૦૬. | રણમાં રેતી ઊડીને થતો ઢગલો | : | ઢૂવો |
| ૧૦૭. | વર્તુળનો ઘેરાવો | : | પરિઘ |
| ૧૦૮. | દૂધ, દહીં, ઘી, મધ અને ખાંડનું મિશ્રણ | : | પંચામૃત |
| ૧૦૯. | ધાર્મિક ક્રિયાને અંતે બ્રાહ્મણોને અપાતું દાન | : | દક્ષિણા |
| ૧૧૦. | પદ પરથી દૂર કરાયેલું | : | પદચ્યુત |
| ૧૧૧. | ચતુર, સુંદર અને ગુણવાન સ્ત્રી | : | ચિત્રિણી |
| ૧૧૨. | ગુપ્ત રાખવા યોગ્ય | : | ગોપનીય |
| ૧૧૩. | હસતાં ગાલમાં પડતો નાનો ખાડો | : | ખંજન |
| ૧૧૪. | તપ વડે પાપ ક્ષીણ કરવું તે | : | નિર્જરા |

| | | | |
|---|---|---|---|
| ૧૧૫. | જ્યાં હત્યા થઈ હોય એવું અપવિત્ર | : | ગોઝારું |
| ૧૧૬. | નદીમાંનો ઊંડો ભાગ | : | ધૂનો |
| ૧૧૭. | સરકાર તરફથી બક્ષિસ તરીકે મળેલી જમીન કે ગામ | : | જાગીર |
| ૧૧૮. | પર્વતની આજુબાજુનો નીચાણનો પ્રદેશ | : | તળેટી |
| ૧૧૯. | સુખ દુઃખ આદિ દ્વંદ્વોનું ધીરજથી સહન કરવું તે | : | તિતિક્ષા |
| ૧૨૦. | આંખથી સાંભળનાર | : | ચક્ષુઃશ્રવા |
| ૧૨૧. | વસંતઋતુનો સરખા દિવસ અને રીતવાળો દિવસ | : | નવરોજ |
| ૧૨૨. | મમત્વ વિનાનું | : | નિર્મમ |
| ૧૨૩. | ત્યાજ્ય હોય તેવું | : | નિષિદ્ધ |
| ૧૨૪. | ગાય-ભેંશનું છાણનું સૂકું પોચકું | : | અડાયું |
| ૧૨૫. | પરંપરાથી કે પૂર્વેથી સંભાળતું કે સમજાતું આવેલું | : | અનુશ્રુત |
| ૧૨૬. | આગળની વસ્તુ સાથેનું જોડાણ કે તેમ આવતી વસ્તુ | : | અનુસંધાન |
| ૧૨૭. | નદી કે દરિયાને કિનારે તણાઈ આવેલો કચરો | : | ઓવાળ |
| ૧૨૮. | તત્ત્વને જાણવાની શોધવાની વૃત્તિવાળું | : | તત્વાન્વેષી |
| ૧૨૯. | દીકરીની દીકરી | : | દૌહિત્રી |
| ૧૩૦. | સર્જન કરે તેવી પ્રતિભા | : | કારયિત્રી |
| ૧૩૧. | કૂવામાનો દેડકો | : | કૂપમંડૂક |
| ૧૩૨. | સુંદર લાંબા કેશવાળી સ્ત્રી | : | કેશિની |
| ૧૩૩. | જીર્ણ થયેલાને સમરાવવું તે | : | જીર્ણોદ્ધાર |
| ૧૩૪. | નગરમાં દાંડી પિટાવવી તે | : | નગરપડો |
| ૧૩૫. | અશક્ત કે ઘરડા ઢોરને રાખવાનું ધર્માદા સ્થાન | : | પાંજરાપોળ |
| ૧૩૬. | બાળકથી માંડીને વૃદ્ધ પર્યંત | : | આબાલવૃદ્ધ |
| ૧૩૭. | રાત્રે ખીલતું કમળ | : | કુમુદ |
| ૧૩૮. | સતત વહેતું કે ઝરતું | : | અખોઝર |
| ૧૩૯. | વૃદ્ધ છતાં મજબૂત બાંધાનું | : | ખખડધજ |
| ૧૪૦. | જેમાંથી વસ્તુ લેવા છતાં ખૂટે જ નહીં એવું વાસણ | : | અખેપાત્ર |
| ૧૪૧. | પોતાની મેળે સેવા આપવા તત્પર | : | સ્વયંસેવક |
| ૧૪૨. | નાક વડે બોલાતો વર્ણ | : | અનુનાસિક |
| ૧૪૩. | અધિકારી આગળ રજૂ કરવામાં આવતી હકીકત | : | કેફિયત |
| ૧૪૪. | વિષ્ણુના પ્રતિક તરીકે પૂજાતો કાળો લીસો ગોળ પથ્થર | : | શાલિગ્રામ |
| ૧૪૫. | પશુપંખીની ભાષા સમજવાની વિદ્યા | : | કાગવિદ્યા |
| ૧૪૬. | જમા ઉધારનું તારણ | : | તારીજ |
| ૧૪૭. | રાતે ન દેખી શકે તેવું | : | રતાંધળું |
| ૧૪૮. | ચૂલા ઉપરના ગરમ વાસણ પકડવા વપરાતું ચીથરું | : | મસોતું |
| ૧૪૯. | કુસ્તી કરવા માટે બનાવેલી જગ્યા | : | અખાડો |
| ૧૫૦. | સ્ત્રીઓના પગના અંગૂઠાનું ઘરેણું | : | અણવટ |

## વર્ણભેદે અર્થભેદ :(નિયત કરેલ શબ્દો)

| | | |
|---|---|---|
| | ❖ શબ્દમાં માત્ર 'અ' 'આ'ના વર્ણભેદથી થતા શબ્દાર્થભેદ | |
| 1 | અસમાન – અણસરખું | આસમાન – આકાશ |
| 2 | અંબર – આકાશ | અંબાર – ઢગલો |
| 3 | આકર – સમૂહ, ખાણ, જથ્થો | આકાર –આકૃતિ |
| 4 | ઉદર – પેટ | ઉદાર – દરિયાવ દિલનો |
| 5 | ઉપહાર – ભેટ | ઉપાહાર – આહાર |
| 6 | પ્રકાર – જાત | પ્રાકાર – કોટ,કિલ્લો |
| 7 | પ્રસાદ – કૃપા, પ્રસન્નતા | પ્રાસાદ – મહેલ |
| 8 | મેધ – યજ્ઞ, બલિ, ભોગ | મેધા – બુદ્ધિ, યાદશક્તિ |
| 9 | હરમ – રાણીવાસ, અંતપુરઃ | હરામ – અયોગ્ય રીતે મેળવેલું, નિષિદ્ધ |
| | ❖ શબ્દમાં અનુસ્વાર ભેદથી થતા શબ્દાર્થભેદ | |
| 10 | અક – દુઃખ, પાપ | અંક – આંકડો, ચિહ્ન, ડાઘો, નાટકનો વિભાગ |
| 11 | અખડ – પડતર'ખેતર, અવાવરુ | અખંડ – ખંડ વગરનું, આખું |
| 12 | આકડો – એક વનસ્પતિ | આંકડો – સંખ્યા |
| 13 | આખુ – ઉંદર | આખું – બધું , ભાંગ્યા વગરનું |
| 14 | આગલું – આગળનું | આંગલું – ઝભલું |
| 15 | અહિ – સાપ | અહીં – આ સ્થળે |
| 16 | એકાકી – એકલું | એકાંકી – એક એક વાળું |
| 17 | ઉદર – પેટ | ઉંદર – એક કીટક પ્રાણી |
| 18 | કડુ – એક વનસ્પતિ | કડું – હાથનું ઘરેણું |
| 19 | કથા – વાર્તા | કંથા – ગોદડી |
| 20 | કસ – કસોટી | કંસ – કૃષ્ણનો મામો |
| 21 | કાઠા – લાલાશ પડતા એક જાતના ઘઉં | કાંઠા –કિનારાનો વિસ્તાર |
| 22 | કાપ – વાઢ, કાપો | કાંપમાટીનો જથ્થો - |
| 23 | કુશકા – ડાંગરનાં છોડાં | કુશંકા – ખોટી શંકા |
| 24 | કૂચી – મહોલ્લો | કૂંચી – ચાવી |
| 25 | ખગ – પક્ષી, ગ્રહ, તારો | ખંગ – ઢગલો, દાઝ-વેર, બદલો |
| 26 | ખડ – ઘાસ | ખંડ – ઓરડો, વિભાગ |
| 27 | ખાડી –ખાઈ | ખાંડી – વીસ મણનું માપ |
| 28 | ખાડું – ભેંસોનું ટોળું | ખાંડું – તલવાર, ખડ્ગ |
| 29 | ખાધ – ખોટ | ખાંધ – ખભો, પશુની ગરદન |

| | | |
|---|---|---|
| 30 | ગજ – માપ, હાથી | ગંજ – ઢગલો 55 66 |
| 31 | ગાડી – એક વાહન | ગાંડી – અસ્થિર મગજની |
| 32 | ચારુ – સુંદર | ચારું – ખોદીને પડતર રાખેલું ખેતર |
| 33 | ચિતા - શબ અગ્નિદાહ દેવા ગોઠવેલી લાકડાની ચોકી | ચિંતા – ફિકર,વિચાર |
| 34 | ચૂક – ભૂલ, | ચૂંક – ખીલી |
| 35 | જગ – દુનિયા | જંગ – લડાઈ |
| 36 | જપ – તપ | જંપ – શાંતિ |
| 37 | ઢગ – ઢગલો | ઢંગ – રીતભાત |
| 38 | નગ – પર્વત, ઝાડ, સાતની સંખ્યા | નંગ – એક વસ્તુ, પહેલ પાડેલ હીરો, વહાણને ધકેલવા માટે વપરાતો વાંસડો,મૂર્ખમાણસ |
| 39 | નદ – નદી | નંદ – આનંદ |
| 40 | નિશ્ચિત – નક્કી કરેલું | નિશ્ચિંત – ચિંતા વગરનું |
| 41 | પડ – થર | પંડ – શરીર |
| 42 | પથ – રસ્તો | પંથ – સંપ્રદાય |
| 43 | પરૂ - પાચ | પરૂં - ઉપનગર |
| 44 | પીડ – દુઃખ | પીંડ – દેહ |
| 45 | બદી – ખરાબી | બંદી – કેદી |
| 46 | મજૂર – શ્રમિક | મંજૂર – કબૂલ, માન્ય, સંમત, બહાલ |
| 47 | મદ – અભિમાન | મંદ – ધીમું |
| 48 | મહી – દહીં | મહીં – અંદર |
| 49 | રગ – નસ | રંગ – રંગીનના અર્થમા-કલર, મસ્તી, કેફ, સ્નેહ, વટ |
| 50 | રજ – બારીક ધૂળનો કણ | રંજ – વસવસો |
| 51 | વદન – મોં | વંદન – પ્રણામ |
| 52 | વશ – કાબૂ | વંશ – કૂળ |
| 53 | વાસ – દુર્ગંધ | વાંસ – એક વનસ્પતિ |
| 54 | સત – સત્ય | સંત – સાધુ |
| 55 | સાજ – શણગાર | સાંજ – સંધ્યા |
| 56 | સારું – ઉત્તમ | સારુ – માટે |
| 57 | હસ – હસવું | હંસ – પક્ષી |
| 58 | હોશ – શુદ્ધિ, ભાન | હોંશ – ઉત્સાહ, ઉમંગ |
| | | |
| | ❖ **શબ્દમાં (હ્રસ્વ)'ઉ'(દીર્ઘ)'ઊ'ના વર્ણભેદથી થતા અર્થભેદો** | |
| 59 | અંગુર – નવી ત્વચા | અંગૂર – લીલીદ્રાક્ષ |
| 60 | આહુતહોમેલું - | આહૂત - બોલાવેલું, નિમંત્રેલું |
| 61 | ઉરૂ - વિશાળ, ઉમદા | ઊરૂ - જાંઘ |
| 62 | કુચસ્ત્રીની છાતી - | કૂચ - લશ્કરી ઢબે ચાલવું તે |
| 63 | કુલ – એકંદરે | કૂલ – કિનારો |
| 64 | ગુણ – લક્ષણ, જાતિ, સ્વભાવ | ગૂણ – થેલો, કોથળો |

| | | |
|---|---|---|
| 65 | દારુ -દેવદારનું ઝાડ | દારૂ – મદિરા, બંદુકમાં વપરાતું મિશ્રણ |
| 66 | પુર – નગર, શહર | પૂર – પ્રવાહ |
| 67 | પુરી – નગરી | પૂરી – એક તળેલી ખાવાની વાનગી |
| 68 | પુંજ – ઢગલો | પૂંજ – મીંડું |
| 69 | મુરત – મુહૂર્ત, શુભસમય | મૂરત – મૂર્તિ |
| 70 | રફુ - નાઠેલું , પલાયન | રફૂ - કપડાને સાધવું તે |
| 71 | વધુ - વધારે | વધૂ - પત્ની ,વહુ |
| 72 | સુણવું - સાંભળવું | સૂણવું - સોજો આવવો |
| 73 | સુત – પુત્ર | સૂત – સારથિ |
| 74 | સુતર – સહેલું | સૂતર – રૂનો તાર |
| 75 | સુર – દેવ | સૂર – અવાજ, સૂર્ય |
| 76 | સુરત – એક શહેર | સૂરત - ચહેરો,વદન |
| 77 | સુરતિ - આનંદ,સુખ | સૂરતી - સૂરતનું |
| 78 | સુવા - એક વનસ્પતિ | સૂવા - ઊંઘવા |

❖ શબ્દમાં 'શ' 'સ'ના વર્ણભેદથી થતા અર્થભેદો

| | | |
|---|---|---|
| 79 | અંશ – ભાગ | અંસ – ખંભો |
| 80 | કેશ – વાળ | કેસ – મુકદમો |
| 81 | કોશ – ભંડાર | કોસ – ગાઉ, અઢી કિલોમીટર |
| 82 | નશો – કેફ | નસો – નસનું બહુવચન |
| 83 | પાશ – ફાંસો | પાસ – સફળ |
| 84 | મેશ - કાજળ | મેષ - ઘેટો, એક રાશિ |
| 85 | રાશ – દોરડું | રાસ – ગોળાકારે ફરતા ગવાતું ગીત |
| 86 | લેશ - જરાક | લેસ - (જરીનીકિનાર ( |
| 87 | વીશી - ભોજનાલય | વીસી - વીસનો સમૂહ |
| 88 | શત – સો | સત – સત્ય |
| 89 | શમાવવું - શાંત કરવું | સમાવવું - સમાવેશ કરવો |
| 90 | શર – બાણ | સર – સરોવર |
| 91 | શરત – હોડ, કરાર, બોલી | સરત – નજર, સ્મૃતિ, ધ્યાન |
| 92 | શંકર – મહાદેવ | સંકર – મિશ્રણ |
| 93 | શાન – ચહેરાનો દેખાવ | સાન – ઈશારો, સમજણ |
| 94 | શાપ – બદદુવા | સાપ – સરિસૃપ |
| 95 | શાલ – ઓઢવાનું વસ્ત્ર | સાલ – વરસ |
| 96 | શાળા - સ્કૂલ | સાળા - પત્નીના ભાઈ |
| 97 | શાંત – મૂક, શમેલું | સાન્ત – મર્યાદિત |
| 98 | શેર – સિંહ, એક માપ | સેર – સહેલ |

❖ શબ્દમાં (હ્રસ્વ)'ઇ'(દીર્ઘ)'ઈ'ના વર્ણભેદથી થતા અર્થભેદા

| | | |
|---|---|---|
| 99 | અલિ - ભમરો,બી | અલી - સ્ત્રી સંબોધન |

135

| | | |
|---|---|---|
| | | અવધી – અવધની (અયોધ્યાની ) |
| 100 | અવધિ – નિશ્ચિત સમય | ખચીત – જરૂર,અવશ્ય |
| 101 | ખચિત – જડેલું | ચીડ – એક વૃક્ષ |
| 102 | ચિડ – ગુસ્સો | ચીર – રેશમી વસ્ત્ર |
| 103 | ચિર – લાંબુ | જીત – વિજય ,ફતેહ |
| 104 | જિત – જીતનારું | જીન – ઘોડાનું પલાણ |
| 105 | જિન – જૈન તીર્થંકર, કપાસ લોઢવાનું કારખાનું | |
| 106 | દિન – દિવસ | દીન – ગરીબ |
| 107 | દિશ – દિશા | દીશ – સૂર્ય |
| 108 | દ્વિપ – હાથી | દ્વીપ – બેટ |
| 109 | પતિ – સ્વામી | પતી – ક્રિયા પુરી થઈ |
| 110 | પલિત – પળિયાંવાળું | પલીત – ભૂતપ્રેત |
| 111 | પાણિ – હાથ | પાણી – જળ |
| 112 | પિતાબાપા - | પીતા –પાતળા કકડા |
| 113 | પિન – ટાંકણી | પીન – પુષ્ટ, જાડું |
| 114 | મતિ – બુદ્ધિ | મતી – મતવાળું |
| 115 | મરીચિ –કિરણ | મરીચી – સૂર્ય |
| 116 | મિલ – કારખાનું | મીલ – પ્રતિપક્ષ, વિરોધી |
| 117 | મિલન – મુલાકાત | મીલન – બંધ કરવું – બીડવું તે |
| 118 | રતિ – પ્રેમ | રતી – એક માપ |
| 119 | રવિ – સૂર્ય | રવી – શિયાળાને લગતું |
| 120 | રાશિ – ઢગલો-ગણિતનો આંકડો, નક્ષત્રનાં બાર ઝૂમખાંમાંનું પ્રત્યેક | રાશી – ખરાબ |
| 121 | વસ્તિ – મુત્રાશય | વસ્તી – લોકસંખ્યા |
| 122 | વારિ – પાણી | વારી – ક્રમ, વારો |
| 123 | વિણવિના - | વીણ – પ્રસવવેદના |
| 124 | વિદુર –મહાભારતનું પાત્ર | વિદૂર – ઘણે દૂર |
| 125 | સિત – શ્વેત,સફેદ | સીત – કોશ |
| 126 | સુદિનશુભ દિવસ - | સુદીન – ખૂબ નમ્ર |
| 127 | સુરતિ – આનંદ,સુખ | સૂરતી – સૂરતનું |
| 128 | હરિ – પ્રભુ | હરી – કૂવાના પાણીથી પકવેલું, કૂવાના પાણીથી કરેલો (ઉનાળાનો)પાક |
| 129 | ખચિત – જડેલું | ખચીત – અવશ્ય, જરૂર |

❖ શબ્દમાં 'ગ'- 'ઘ'ના વર્ણભેદથી થતા અર્થભેદો

| | | |
|---|---|---|
| 130 | ગણ – જૂથ | ઘણ – મોટો હથોડો |
| 131 | ગણું – વધારે(બમણું) | ઘણું – ખૂબ |
| 132 | ગામ – ગામડું | ઘામ – બફારો, ઉકળાટ |
| 133 | ગેર – એક પૂર્વ પ્રત્યય | ઘેર – ઘરમાં |
| 134 | ગેરુ – લાલ મટોડી | ઘેરું –કીડાએ કોરવાથી ગરેલો લાકડાનો લોટ |

| | | |
|---|---|---|
| 135 | ગોળી –ટીકડી | ધોળી – ધૂટીને |
| | | |
| ❖ શબ્દમાં 'ર'- 'ળ'ના વર્ણભેદથી થતા અર્થભેદો | | |
| 136 | આરસ – સંગેમરમરનો પથ્થર | આળસ – એદીપણું |
| 137 | ઊછરવું –મોટા થવું | ઊછળવું – કૂદવું |
| 138 | કઠોર – દયાહીન | કઠોળ – દાળ અનાજ (દ્વિદળ) |
| 139 | ખરૂં – સાચું | ખળું – અનાજ મસળવાની જગ્યા |
| 140 | ગોર – પુરોહિત | ગોળ – એક ગળ્યો ખાદ્ય પદાર્થ |
| 141 | દાર – 'વાળું'ના અર્થમાં (ધારદાર) | દાળ – કઠોળનું ફાડિયું |
| 142 | નર –પુરુષ | નળ – પાણીનો નળ |
| 143 | ભરવું – સંઘરવું | ભળવું – ભેગું મળી જવું |
| 144 | મરવું – મરણ પામવું | મળવું – ભેગા થવું |
| 145 | યાર – મિત્ર,દોસ્ત | યાળ – સિંહની ગરદનના વાળ |
| 146 | વાર – ત્રણ ફૂટ ,દિવસ | વાળ – કેશ |
| 147 | વારવું – અટકાવવું | વાળવું – કચરો વાળવો |
| 148 | વારૂ – ઠીક ,સારૂં | વાળુ – રાત્રિભોજન |
| 149 | સંભાર – શાક કે અથાણાનો મસાલો | સંભાળ – કાળજી |
| 150 | સંભારવું – યાદ કરવું | સંભાળવું – જાળવવું |
| 151 | સફર – મુસાફર | સફળ – સાર્થક |
| 152 | હર – દરેક ,પ્રત્યેક | હળ – જમીન ખેડવાનું ઓજાર |
| | | |
| ❖ શબ્દમાં 'જ'- 'ઝ'ના વર્ણભેદથી થતા અર્થભેદો | | |
| 153 | જડી – ઔષધિનું મૂળ | ઝડી – જોસભેર વરસવું તે |
| 154 | જમવું – ભોજન કરવું | ઝમવું – પ્રવાહીનું ઝરવું |
| 155 | જરા – વૃદ્ધાવસ્થા ,ઘડપણ | ઝરા – પાણીનો સ્રોત |
| 156 | જાળ – પંખીને પકડવા માટેની ગુંથેલી દોરી | ઝાળ – જવાળા(આંચ) |
| 157 | જેર – વશમાં | ઝેરવિષ - |
| 158 | જોડ – જોડી | ઝોડ – વળગણ |
| 159 | સૂજ – સોજો | સૂઝ – સમજ |
| | | |
| ❖ શબ્દમાં 'ટ'- 'ડ' અને 'ઠ'-'ઢ'ના વર્ણભેદથી થતા અર્થભેદો | | |
| 160 | કટક – લશ્કર, છાવણી | કડક – અક્કડ |
| 161 | કૂટ – કઠણ ,અઘરૂં | કૂડ – કપટ,ઠગાઈ |
| 162 | ખાટ – ખાટલો,હિંચકો | ખાડ – ખાડો ખાઈ |
| 163 | ખોટ – નુકસાન | ખોડ – શારીરિક વિકલાતા |
| 164 | ઠગ – ઠગનાર | ઢગ – ઢગલો |
| 165 | પીઠ – બરડો | પીઢ – મોટી ઉંમરનું |
| 166 | મઠ –એક કઠોળ, સાધુનો આશ્રમ | મઢ – માતાનું સ્થાનક |
| 167 | વેઠ –વૈતરૂં | વેઢ –આંગળીનો કાપા |
| | | |
| ❖ શબ્દમાં સંવૃત 'ઓ'- વિવૃત્ત 'ઑ'ના વર્ણભેદથી થતા અર્થભેદો | | |
| 168 | કોઠી – માટીનો નળો | કૉઠી – કોઠાંનું ઝાડ |

| | | |
|---|---|---|
| 169 | ખોડો – હલન્ત | ખોડો – માથામાં જામતો મેલ |
| 170 | ખોળ – શોધવું | ખોળ – તેલીબિયાંનો કૂચો |
| 171 | ગોળએક ગાણિતિક આકૃતિ - | ગોળ – એક ગળ્યું ખાદ્ય |
| 172 | ચોરી – ચોરીનો ધંધો | ચોરી – લગ્નમંડપ |
| 173 | ચોળી – (સ્ત્રીઓનો ટૂંકી બાંયનોકબજો ( | ચોળી – એક કઠોળ |
| | | |
| ❖ અન્ય વર્ણભેદથી થતા અર્થભેદો | | |
| 174 | અપેક્ષા – ઇચ્છા ,આશા | ઉપેક્ષા – તિરસ્કાર |
| 175 | અસ્ત્ર – દૂર ફેંકવાનું હથિયાર | શસ્ત્ર – હાથમાં રાખી લડવાનું હથિયાર |
| 176 | આંગળું – આંગળી | આંગણું – ઘરની આગળનો ભાગ |
| 177 | ઈનામ –બક્ષિસ | ઈમાન – પ્રામાણિકતા |
| 178 | કુશ – એક જાતનું ઘાસ | કૃશ – દુબળું |
| 179 | ઢાલ – રક્ષક વસ્તુ | ઢાળ – ઢોળાવ |
| 180 | તુરંગજેલ - | તરંગ મોજું -,લહેર |
| 181 | તોટો – નુકસાન | ટોટો – મોટી ટોટી |
| 182 | દોશી – કાપડ વેચનાર | ડોશી – ઘરડી સ્ત્રી |
| 183 | પુષ્ટ – જાડું | પુષ્ઠ – પુસ્તકનું પાનું |
| 184 | પ્રણામ – નમસ્કાર | પ્રમાણ – પુરાવો, માપ, ધોરણ |
| 185 | પ્રસાદ – કૃપા | પ્રાસાદ – મહેલ |
| 185 | ભવન – મકાન | ભુવન – જગત ,લોક |
| 187 | ઉપધાન – ઓશીકું | ઉપધાન્ય – હલકી જાતનું અનાજ |
| 188 | ઉપપતિ – દિયર | ઉપપત્તિ – ઉપાય |
| 189 | નિવૃત્તિ – ફુરસદ, કામધંધામાંથી છૂટવું તે | નિર્વૃતિ – શાંતિ |
| 190 | કૃતજ્ઞ – નિમકહલાલ | કૃતઘ્ન – નિમકહરામ |
| 191 | અકુલ – કુલહીન, અકુલીન | અંકૂલ – એક વનસ્પતિ, ઔષધિ |
| 192 | આદ્ય – પ્રારંભનું, મૂળ | આધ – અડધું |
| 193 | કંકણ – બંગડી,ચૂડી | કંકર – કાંકરો |
| 194 | અકસ્માત્ – અચાનક, એકાએક | અકસ્માત – અણધારી ઘટના, હોનારત |
| 195 | લક્ષ – લાખ | લક્ષ્ય – ધ્યેય |
| 196 | મેદની – ભીડ | મેદિની – પૃથ્વી |
| 197 | શ્રેષ્ઠ – સર્વોત્તમ | શ્રેષ્ઠી – શેઠ |
| 198 | અહિ – સાપ | અહીં – અત્ર, આ સ્થળે |
| 199 | નિંદવું – નિંદા કરવી | નીંદવું – નકામું ઘાસ ખોદી કાઢવું |
| 200 | શાવક – બચ્ચું, બાળ | શ્રાવક – સાંભળનાર |

## HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**EFFECTIVE FROM JUNE 2023-24 UNDER NEP**

**PROGRAMME CODE : ARTUG101**
**COURSE CODE : AR23MIDSCGUJ102**
**SEMESTER : 01**
**COURSE NAME : પદ્યકૃતિનો અભ્યાસ - અર્વાચીન**

નિયત કૃતિ : દલપતરામનાં ચૂંટેલાં કાવ્યો

સંપાદક : રોહિત પંચોલી

**પ્રકાશક : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ**

| Total Credits : 04 ( 04 Period/Week ) | Theory | External – 50 Marks |
|---|---|---|
| | | Internal – 50 Marks |

**Course Outcome : ( હેતુઓ )**

**વિદ્યાર્થીઓ -**

- મધ્યકાલીનગુજરાતીસાહિત્યનાંપ્રમુખ સાહિત્યસ્વરૂપોનો પરિચય મેળવે.
- દલપતરામનાજીવનઅનેકવનવિશેજાણે.
- ભાષા અને વ્યાકરણની પાયાની સમાજ કેળવે.
- વ્યાવહારિક લેખન પ્રત્યે અભિમુખ બને.
- માતૃભાષા સાથે નિસબત કેળવે.

| અ.નં. | એકમ | | ક્રેડિટ | કલાક |
|---|---|---|---|---|
| ૧ | એકમ–૧ | ( ૧ ) કવિ દલપતરામ : જીવન અને કવન<br>( ૨ ) કવિના જીવનઘડતરનાં મહત્ત્વનાં પરિબળો<br>( 3 ) અર્વાચીન ગુજરાતી સાહિત્યના પ્રમુખ પદ્યપ્રકારો : ગીત,ખંડકાવ્ય, કરુણપ્રશસ્તિ, સૉનેટ)નો પરિચયાત્મક ખ્યાલ | 1 | અઠવાડિકચારકલાક |
| ૨ | એકમ–૨ | ( ૧ ) નિયત કૃતિને આધારે કવિની વિશેષતાઓઅને મર્યાદાઓ<br>( ૨ ) કાવ્યોની રસલક્ષી સમીક્ષા | 1 | |
| 3 | એકમ–3 | **કૃતિ આધારિત ટૂંક નોંધો**<br>(જેમકે,કાવ્યોમાં પ્રકૃતિવર્ણન, કાવ્યોમાં હાસ્ય-કટાક્ષ, પદ્યભાષા, ઇશ્વરસંબંધી કાવ્યો, ગરબીઓ, કાવ્યોમાં બોધકતા – વગેરે. | 1 | |
| ૪ | એકમ– | **જોડણીશુદ્ધિ** | 1 | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૪ | નિયત કરેલા શબ્દોમાંથી **નવ** શબ્દો પુછાશે. કોઈ પણ છશબ્દોની સાચી જોડણી લખવાની રહેશે. ( જુઓ,પરિશિષ્ટ)<br>**રૂઢિપ્રયોગો**<br>નિયત કરેલા રૂઢિપ્રયોગોમાંથી **નવ**પુછાશે.કોઇ પણ છના અર્થ લખી તેનો વાક્યમાં પ્રયોગ કરવાનો રહેશે. ( જુઓ,પરિશિષ્ટ ) | | |

સંદર્ભગ્રંથો :


૧. દલપતરામ એક અધ્યયન : હસિત બૂચ
૨. દલપતરામની કવિતા : કે. કા. શાસ્ત્રી
3. અર્વાચીન કવિતા : સુન્દરમ
૪. કવીશ્વર દલપતરામ-ભાગ ૧-૨, કવિ ન્હાનાલાલ દલપતરામ
૫. ગુજરાતી શબ્દાર્થકોશ: યોગેન્દ્ર વ્યાસ ( અરુણોદય )
૬. સાર્થ ગુજરાતી જોડણીકોશ : ( ગૂજરાત વિદ્યાપીઠ )
૭. ગુજરાતીનું વિષયવસ્તુ : નટુભાઈ રાવલ ( નીરવ )
૮. રૂઢિપ્રયોગો,કહેવતો અને છંદ –અલંકાર : પ્રસાદ બ્રહ્મભટ્ટ ( પાર્શ્વ )
૯. અપઠિત,લેખન કૌશલ અને પરિશીલન: નીતિન વડગામા
૧૦. વિદ્યાર્થી જોડણીકોશ: સં. કનૈયાલાલ જોશી ( કુસુમ )
૧૧.વ્યવહારભાષા,અરજીલેખન અને પત્રલેખન : પ્રસાદ બ્રહ્મભટ્ટ
૧૨. ગુજરાતી વ્યાવહારિક વ્યાકરણ : અરવિંદ ભાંડારી ( અરુણોદય )

| અ.નં. | ખોટી જોડણી | સાચી જોડણી | અ.નં. | ખોટી જોડણી | સાચી જોડણી |
|---|---|---|---|---|---|
| 1. | અગત્યતા | અગત્ય | 26. | ખૂશનુમા | ખુશનુમા |
| 2. | અદ્વીતીય | અદ્વિતીય | 27. | ખૂશમીજાજ | ખુશમિજાજ |
| 3. | અદ્ભૂત | અદ્ભુત | 28. | ખૂશબો | ખુશબો |
| 4. | અનુકુલ | અનુકૂલ | 29. | ખુબસુરત | ખૂબસૂરત |
| 5. | આત્મપ્રસંશા | આત્મપ્રશંસા | 30. | ગીર્દી | ગિરદી |
| 6. | આદરણિય | આદરણીય | 31. | ગુફતુગો | ગુફતેગો |
| 7. | આપવિતિ | આપવીતી | 32. | ગૃહશાંતી | ગ્રહશાંતિ |
| 8. | આશિર્વાદ | આશીર્વાદ | 33. | ચીત્રવીચીત્ર | ચિત્રવિચિત્ર |
| 9. | આલ્હાદક | આહ્લાદક | 34. | ચીમરાવવું | ચિમળાવવું |
| 10. | ઉમેળવું | ઉમેરવું | 35. | ચીરંજિવિની | ચિરંજીવિની |
| 11. | ઉજળું | ઊજળું | 36. | ચુંથાચૂંથ | ચૂંથાચૂંથ |
| 12. | ઉર્ધ્વગામી | ઊર્ધ્વગામી | 37. | જનમટીપ | જન્મટીપ |
| 13. | ઉહાપોહા | ઊહાપોહ | 38. | જયંતિ | જયંતી |
| 14. | એકિટસે | એકીટશે | 39. | ર્જજરીત | જર્જરિત |
| 15. | ઉપંચારિક | ઔપચારિક | 40. | જીંદગી | જિંદગી |
| 16. | કળચરિયાળું | કરચળિયાળું | 41. | જીલ્લો | જિલ્લો |
| 17. | કલુસિત | કલુષિત | 42. | જીંદાદીલી | ઝિંદાદિલી |
| 18. | કવિયત્રી | કવયિત્રી | 43. | ડાગડુગી | ડાઘાડૂઘી |
| 19. | કારકીર્દી | કારકિર્દી | 44. | તળવળાટ | તરવરાટ |
| 20. | કિવંદતી | કિંવદંતી | 45. | તસ્વીર | તસવીર |
| 21. | કિમિયાગર | કીમિયાગર | 46. | તારિખિયું | તારીખિયું |
| 22. | કૂતૂહલ | કુતૂહલ | 47. | દુબરૂં | દૂબળું |
| 23. | ખાત્રી | ખાતરી | 48. | ધણીધણિયાણી | ધણીધણીયાણી |
| 24. | ખીચોખિચ | ખીચોખીચ | 49. | ધર્માષ્ઠ | ધર્મિષ્ઠ |
| 25. | ખિસ્સાકાત્રુ | ખીસાકાતરુ | 50. | નિમણુંક | નિમણૂક |

| અ.નં. | ખોટી જોડણી | સાચી જોડણી | અ.નં. | ખોટી જોડણી | સાચી જોડણી |
|---|---|---|---|---|---|
| 51. | નૂકશાન | નુકસાન | 77. | વીશ્લીષ્ઠ | વિશ્લિષ્ટ |
| 52. | નૂખસો | નુસખો | 78. | વિજળી | વીજળી |
| 53. | પત્રકારિત્વ | પત્રકારત્વ | 79. | વિશ્વાસનીય | વિશ્વસનીય |
| 54. | પરબિડીયું | પરબીડિયું | 80. | સહાનુભૂતી | સહાનુભૂતિ |
| 55. | પરાકાષ્ટા | પરાકાષ્ઠા | 81. | શારીરીક | શારીરિક |
| 56. | પરીચીત | પરિચિત | 82. | શિર્ષક | શીર્ષક |
| 57. | પરીણીત | પરિણીત | 83. | શીથીલ | શિથિલ |
| 58. | પરીસ્થીતી | પરિસ્થિતિ | 84. | સુશ્રુસા | શુશ્રૂષા શુશ્રૂષા |
| 59. | પાશ્ચમાત્ય | પાશ્ચાત્ય | 85. | શુધબુધ | સૂધબૂ |
| 60. | પુરષ્કાર | પુરસ્કાર | 86. | હરિફાઈ | હરીફાઈ |
| 61. | પ્રતિતિ | પ્રતીતિ | 87. | હૂતાસની | હૂતાશની |
| 62. | ફળિભુત | ફળીભૂત | 88. | હૂંસાતુશી | હુંસાતુંશી |
| 63. | બહીસ્કાર | બહિષ્કાર | 89. | હુંડીયામણ | હૂંડિયામણ |
| 64. | ભૂલભૂલામણી | ભુલભુલામણી | 90. | પરીચારિકા | પરિચારિકા |
| 65. | મીનીટ | મિનિટ | 91. | પુર્ણિમા | પૂર્ણિમા |
| 66. | મુંઝવણ | મૂંઝવણ | 92. | પ્રતીનિધી | પ્રતિનિધિ |
| 67. | મૂર્હુત | મુહૂર્ત | 93. | અભીમન્યૂ | અભિમન્યુ |
| 68. | યુધીસ્થિર | યુધિષ્ઠિર | 94. | વ્રુસકેતૂ | વૃષકેતુ |
| 69. | રૂસવત | રુશવત | 95. | ભૂરીસવા | ભૂરિશ્રવા |
| 70. | રેલ્વે | રેલવે | 96. | કતર્વમા | કૃતવર્મા |
| 71. | લીખીત | લિખિત | 97. | અશ્વથ્થમા | અશ્વત્થામા |
| 72. | લીખીતંગ | લિખિતંગ | 98. | શૂભૂટ | સુભટ |
| 73. | વસિકરણ | વશીકરણ | 99. | પૃથવિ | પૃથ્વી |
| 74. | વસ્તી | વસતિ | 100. | સંભારીઆ | સંભારિયા |
| 75. | વીનીમય | વિનિમય | 101. | વિદ્યાર્થીની | વિદ્યાર્થિની |
| 76. | વીપરિત | વિપરીત | 102. | પીત્રાઈ | પિતરાઈ |

## રૂઢિપ્રયોગો

(1) ઓછું આવવું - માઠું લાગવું.
વાક્ય : પુત્રના ઉદ્ધત વર્તનથી પિતાનો ઓછું આવ્યું.

(2) માંડી વાળવું - જતું કરવું.
વાક્ય : ઉમેશે અમેરિકા ભણવા જવાનો વિચાર માંડી વાળ્યો.

(3) હૈયું કઠણ કરવું - મન મક્કમ રાખવું.
વાક્ય : હૈયું કઠણ કરીને તેમણે પોતાના પુત્રને વિદેશ મોકલ્યો.

(4) પગ ભાંગી જવા - નાસીપાસ થઈ જવું.
વાક્ય : યુવાન દીકરાનું અવસાન થતાં પિતાના પગ ભાંગી ગયા.

(5) ધૂળ ખંખેરી નાખવી - ખૂબ ધમકાવી નાખવું.
વાક્ય : શેઠે નોકરની ધૂળ ખંખેરી નાખી એટલે તે નોકરી છોડીને જતો રહ્યો.

હવે આપણે કેટલાક રૂઢિપ્રયોગો અને તેમના અર્થ જોઈશું. તેમનો વાક્યમાં પ્રયોગ કરીશું.

(1) રવાના કરવું - વિદાય આપવી.
માથે પડેલા મહેમાનોને સમજાવી પતાવી રવાના કર્યા.

(2) દાવમાં લેવું - બરાબર સકંજામાં લેવું, ફસાવવું.
કારગીલ યુદ્ધમાં પાકિસ્તાનનાં જવાનોને ભારતની સેનાએ દાવમાં લીધા.

(3) હાડહાડ કરવું - ધુત્કારી કાઢવું.
બારણે આવેલા અતિથિને હાડહાડ કરવું યોગ્ય ન કહેવાય.

(4) વાત કાપવી - વિરોધ કરવો.
કેટલાક રાજકારણીઓને અધિકારીઓની વાત કાપવાની આદત છે.

(5) હૈયામાં ધ્રાસકો પડવો - ડરી જવું, બીક લાગવી.
પ્લેન હાઈજેક થવાના સમાચારથી પ્રવાસીઓના સગાસંબંધીઓના હૈયામાં ધ્રાસકો પડ્યો.

(6) ગંધ આવવી - શંકા પડવી, અણસાર આવી જવો.
આતંકવાદીઓની પ્રવૃત્તિઓની પોલીસને ગંધ આવી ગઈ.

(7) છાતીએથી અળગા ન કરવું - હંમેશાં પોતાની સાથે જ રાખવું.
નવજાત શિશુને માતા છાતીએથી અળગા કરતી નથી.

(8) હરખપદૂડાં થઈ જવું - હરખઘેલા થઈ જવું.
જમાઈને અચાનક આવેલા જોઈને સાસરાપક્ષવાળાં હરખપદૂડાં થઈ ગયાં.

(9) મનનો ડૂમો કાઢી નાખવો - મનમાં ઘૂંટાતું દુઃખ પ્રગટ કરવું.
પિયરે આવીને દીકરીએ પોતાના મનનો ડૂમો કાઢી નાખ્યો.

(10) હૈયું ભરાઈ આવવું - દુઃખથી રડવા જેવું થઈ જવું.
વિદેશ જતાં પોતાના દીકરાને વિદાય આપતા માતાનું હૈયું ભરાઈ આવ્યું હતું.

(11) સમસમી જવું - મનમાં ઘૂઘવાઈ રહેવું, ગુસ્સો દબાવી રાખવો.
ઉપરી અધિકારીએ બધાની સામે ખખડાવી નાખતા કર્મચારી સમસમી ગયો.

(12) આંખો વરસવી - આંસુ ટપકવાં, રડવા લાગી જવું.
વિદેશ ગયેલા પતિના સમાચાર નહીં મળતા, પત્ની આંખો વરસાવી રહી હતી.

(13) કમાતાધમાતા હોવું - સારી કમાણી થવી.
ખેડૂતો જ્યારથી હીરાનાં ધંધામાં આવ્યા છે ત્યારથી કમાતાધમાતા થયા છે.

(14) તરંગે ચડી જવું - વિચારમગ્ન થઈ જવું.
ધુની વ્યક્તિઓ ગમે ત્યારે તરંગે ચડી જાય છે.

(15) આંખ મીચાવી - મૃત્યુ પામવું.
કોઈ પણ વ્યક્તિએ આંખ મીચાય તે પહેલાં વસિયતનામું કરી લેવું જોઈએ.

(16) ઊંઘ ઊડી જવી - ખૂબ જ ચિંતામાં નિદ્રા ઉડી જવી.
વરસાદ વધુ સમય ખેંચાતાં ખેડૂતોની ઊંઘ ઊડી ગઈ હતી.

(17) મગજ પર ભાર જણાવો - મનમાં ચિંતાનો બોજ હોવો.
બૉર્ડની પરીક્ષા નજીક આવતા વિદ્યાર્થીનાં મગજ પર ભાર જણાતો હતો.

(18) વારી જવું - ફિદા થઈ જવું.
કલાકારની અદાથી પ્રેક્ષકો વારી ગયા.

(19) કાને વાત પહોંચવી - ખબર મળવી, જાણ થવી.
ખબરી દ્વારા પોલીસને ગુનેગારની દરેક વાત કાને પહોંચતી હતી.

(20) ખાંડની ધારે ચાલવું - ખૂબ કપરા માર્ગે જવું.
પ્રેમલગ્ન એ ખાંડની ધારે ચાલવા જેવું છે.

(21) ઠેસ વાગવી - ભૂલ કે પાપ કર્યાની ચેતવણી મળવી.
ધોરણ - 10 માં ઠેસ વાગી હતી તેમ છતાં ધોરણ - 12 માં મહેનત કેમ નથી કરતો ?

(22) ગરજ સરવી - જરૂરિયાત પૂરી થવી.
ગરજ સરી ગયા પછી સંબંધી અને મિત્રો નજર ફેરવે છે.

(23) ગાડું ગબડવું - ગમે તે ભોગે નભી જવું, ધંધો ચાલવો.
અત્યારની હાઈટેક સિસ્ટમનો ઉપયોગ નહીં કરતાં વહેપારીઓનું માંડ માંડ ગાડું ગબડતું હોય છે.

(24) ગાંઠનો ખીચડો ખાવો - પોતાની જમા મૂડી વાપરવી.
શેરબજારમાં સટ્ટો કરવામાં મનહરભાઈએ ગાંઠનો ખીચડો ખાધો.

(25) બાજી ધૂળમાં મેળવવી - યોજના નિષ્ફળ બનાવવી.
કારગીલમાં દુશ્મનોને ખદેડ્યાં એટલે પાકિસ્તાનની બાજી ધૂળમાં મળી ગઈ.

(26) હાથ ધોઈ નાખવા - આશા છોડી દેવી.
બૅન્ક કૌભાંડને કારણે ઘણા થાપણદારોએ પોતાની મૂડીથી હાથ ધોઈ નાખ્યા.

(27) મોં લાલ રાખવું - પરાણે આબરૂ જાળવી.
તેલગીકાંડમાં કમીશનરની ધરપકડ કરી મહારાષ્ટ્ર પોલીસે મોં લાલ રાખ્યું.

(28) વખ ઘોળવાં - વિષપાન કરવું, સંબંધમાં કડવાશ આણવી.
લેણદારોનું ખૂબ જ દબાણ થતાં મગનભાઈએ વખ ઘોળ્યું.

(29) રંગમાં ભંગ પડવો - મજાના વાતાવરણમાં વિઘ્ન આવવું.
કલકત્તાની ક્રીકેટ મેચમાં વરસાદે રંગમાં ભંગ પાડ્યો.

(30) સંઘ કાશીએ પહોંચવો - કામ પાર પાડવું.
વાહનની સ્થિતિ જોતાં એમ નથી લાગતું કે આ સંઘ કાશીએ પહોંચશે.

(31) હોળીનું નાળિયેર બનવું - ખરાબ કામ કરવામાં સાધન બનવું.
કાશ્મીરી યુવકોને હોળીનું નાળિયેર બનાવી આતંકવાદી બનાવવાનું ષડ્યંત્ર પકડાઈ ગયું.

(32) પગ ન ઉપડવા - હિંમત ન ચાલવી.
સત્યનો માર્ગ મળી ગયા પછી ખોટા માર્ગે પગ ઉપડતો નથી.

(33) જીવ બળી જવો - ઈર્ષાથી દુઃખી દુઃખી થઈ જવું.
કરિશ્મા કપુરનાં લગ્ન થવાથી ઘણા લગ્નોત્સુક યુવકોનો જીવ બળી ગયો.

(34) છઠ્ઠીનું ધાવણ યાદ કરાવવું - મરણતોલ માર મારવો.
ચોરને [illegible]સે માર મારીને છઠ્ઠીનું ધાવણ યાદ કરાવી દીધું.

(35) બાજી [illegible]વી - પ્રતિકૂળ સ્થિતિ થવી.
ધંધામાં [illegible]પારીએ લાખો રૂપિયાનું રોકાણ કર્યું પણ બાજી કથળી ગઈ અને [illegible] ફૂંકવું પડ્યું.

(36) પૃથ્વી રસાતાળ જવી - ભયંકર સંકટ તૂટી પડવું.
ધર્મ પર અધર્મનો વિજય થાય તો પૃથ્વી રસાતળ જાય.

(37) ખો ભૂલી જવી - જિંદગીભર યાદ રહે તેવો પાઠ શીખવવો.
કારગીલમાં ભારતે દુશ્મનને એવો માર માર્યો છે કે તે હવે ખો ભૂલી જશે.

(38) ફરી વળવું - ચારે બાજુથી ઘેરી લેવું, મેળવી લેવું.
ચોરે ઘરમાંની દરેક તિજોરીમાં હાથ ફેરવી લીધો છે.

(39) વખના માર્યા - મુસીબતમાં મુકાયેલા
સતત ચોથા વર્ષે પણ દુષ્કાળ આવતા ખેડૂતો વખના માર્યા ગામમાંથી ઉચાળા ભર્યા.

(40) કૂવો હવાડો કરવો - કોઈ જળાશયમાં ડૂબીને આત્મહત્યા કરવી.
વડીલો તરફથી વિરોધ થતા પ્રેમીપંખીડાએ કૂવો હવાડો કર્યો.

(41) કરમ ફૂટેલાં હોવા - નસીબ ખરાબ હોવાં.
સદ્દામ હુસેનનાં કરમ ફૂટેલાં હશે એટલે અત્યારે રઝળપાટનો વખત આવ્યો છે.

(42) આંખ ઉઘડવી - સાચી હકીકતનું ભાન થવું.
સમાચાર સાંભળ્યાં પછી તેમની આંખ ઉઘડી.

(43) એક પંથ દો કાજ - એકી સાથે બે કામ પાર પાડવાં.
રામે શિવધનુષ તોડી, સીતા સાથે લગ્ન કરીને એક પંથ દો કાજ જેવું કર્યું.

(44) ખબર લઈ નાખવી - ધમકાવવું.
કર્મચારીની ભૂલને કારણે અધિકારીએ તેની ખબર લઈ નાખી.

(45) ઘર માંડવું - લગ્ન કરવાં.
આખરે અક્ષયકુમારે ઘર માંડ્યું.

(46) ખોળો પાથરવો - કરગરવું, કાકલૂદી કરવી.
ડાકુઓથી પોતાના બાળકને બચાવવા માતાએ ખોળો પાથર્યો.

(47) કાન દેવા - ધ્યાનથી સાંભળવું.
પહેલાં વિદેશથી આવતા ફોન કાન દઈને સાંભળવાં પડતા.

(48) પીઠ દેવી - વિદાય થવું, છૂટા થવું.
જેવી શિક્ષકે પીઠ દીધી, વિદ્યાર્થીઓએ ઘોંઘાટ શરૂ કર્યો.

(49) ચિત્ત ચિરાવું - તીવ્ર વેદના થવી.
પુત્રના અકાળે અવસાન થવાથી મારું ચિત્ત ચિરાઈ ગયું.

(50) ગરદન કાપવી - વિશ્વાસઘાત કરવો.
જે મિત્ર પર આપણે ભરોસો રાખીએ છીએ, એ જ કેટલીક વાર આપણી ગરદન કાપે છે.

(51) તારાજ થઈ જવું - પાયમાલ થઈ જવું.
ભૂકંપથી ભુજ તારાજ થઈ ગયું.

(52) હિજરત કરવી - સ્થળ છોડીને ચાલ્યા જવું.
ભૂકંપ થવાથી ગામના લોકો હિજરત કરી ગયા.

(53) ફોડી લેવું - સંભાળી લેવું.
તમે માની ચિંતા ન કરશો, હું ફોડી લઈશ.

(54) ગળથૂથીમાં મળવું - છેક બાળપણથી પ્રાપ્ત થવું.
તેને સંગીત ગળથૂથીમાંથી મળ્યું છે.

(55) તલપાપડ થઈ જવું - આતુર થઈ જવું.
રમેશ તેનું પરિણામ જાણવા તલપાપડ થઈ રહ્યો છે.

(56) ભીંત ભૂલવી - માર્ગ ચૂકી જવો.
આ નોકરી મેળવીને તમે ભીંત ભૂલ્યા છો.

(57) હાથા થવું - ખોટા કામમાં સાથ આપવો.
પરીક્ષામાં ચોરી કરવા તેણે મારી મદદ માગી પણ હું તેનો હાથો ન બન્યો.

(58) ઢંઢેરો પિટાવવો - છાની વાત જાહેર કરવી.
નીલેશે ઢંઢેરો પીટાવ્યો કે તેના મિત્રે દેવાળું કાઢ્યું છે.

(59) ધોખો લાગવો - ગુસ્સે થવું.
સુરેશને લગ્નમાં બોલાવવાથી તેણે એ વાતને ધોખો કર્યો.

(60) બેડો પાર થઈ જવો - સફળ થવું.
આ વખતે તેનો પરીક્ષામાં બેડો પાર થઈ ગયો.

(61) પ્રાણ પાથરવા - સર્વસ્વ અર્પણ કરવું.
ભક્ત ભગવાન માટે પ્રાણ પાથરે છે.

(62) લોહીનું પાણી કરવું - ખૂબ મહેનત કરવી.
પરીક્ષામાં પાસ થવા માટે પૂર્વીએ લોહીનું પાણી કર્યું છે.

(63) એક પગે થઈ રહેવું - ખડે પગે તત્પર રહેવું.
મૌસમીના લગ્નની તૈયારીમાં તન્વી એક પગે થઈ રહી હતી.

(64) ઇકોતેર પેઢી તારવી - કુળનું નામ રોશન કરવું.
પુત્ર સુપુત્ર હોય તો તે કુટુંબની ઇકોતેર પેઢી તારે છે.

(65) આંખે અંધારા આવવાં - ભાન ગુમાવવું.
સમાધિને મરણનું દૃશ્ય જોઈને આંખે અંધારા આવ્યાં.

(66) બારે મેઘ વરસંવા - મુશળધાર વરસાદ થવો.
પૃથ્વીનો પ્રલય કરવા માગતા હોય તેમ બારે મેઘ વરસવા લાગ્યા.

(67) આંખ ફરકવી - કોઈ શુભ ઘટના બનવાની એંધાણી જણાવી.
ઊર્મિલાએ વિચાર્યું કે લક્ષ્મણ આજે જરૂર વનમાંથી પાછા ફરશે, કારણ કે તેની ડાબી આંખ ફરકતી હતી.

(68) દાઝ લાગવી - ક્રોધ વ્યાપી જવો, ખૂબ ગુસ્સે થવું.
કન્યાએ માગું પાછું ઠેલ્યું તેથી મૂરતિયાને દાઝ લાગી ગઈ.

(69) એક રાસે કરવા - સમાન ગણવા.
ગાંધીજીએ હરિજનો અને સવર્ણોને એક રાસે કર્યા હતા.

(70) કાન દેવા - ધ્યાનથી સાંભળવું.
કોઈની ખાનગી વાત સાંભળવા કાન દેવા ન જોઈએ.

(71) ચિત્ત ચિરાવું - તીવ્ર વેદના થવી.
પુત્રના અકાળ અવસાનથી માનું ચિત્ત ચિરાઈ ગયું.

(72) પીઠ દેવી - વિદાય થવું, છૂટા પડવું.
જેવી શિક્ષકે પીઠ દીધી કે વિદ્યાર્થીઓ ઘોંઘાટ કરવા લાગ્યા.

(73) પનારો પડવો - કોઈની સાથે અણગમતો સંબંધ બાંધવાની ફરજ પડવી.
મંદોદરી જેવી પતિવ્રતા રાવણના પનારે પડી.

(74) મન માપવું - મનના ગુપ્ત ભાવ કળી જવા.
કેટલાક વ્યવહારકુશળ માણસો વાતવાતમાં સામી વ્યક્તિનું મન માપી લેતા હોય છે.

(75) કોઠે પડવું - ના થી ટેવાઈ જવું, સ્વાભાવિક બની જવું.
શેઠની રોજરોજની ટકટક નોકરને કોઠે પડી ગઈ.

(76) પોલ પિછાણવી - જુઠાણું પકડાઈ જવું, ઊણપ કે ખામીઓ જાણી જવી.
માર્ટિન લ્યુથરે ધર્મગુરુઓની પોલ પિછાણી અને તેમને ખુલ્લા પાડ્યા.

(77) ગરદન કાપવી - વિશ્વાસઘાત કરવો.
જે મિત્ર પર આપણે ભરોસો રાખીએ છીએ, એ જ કેટલીક વાર આપણી ગરદન કાપે છે.

(78) તલખી રહેવું - આતુરતાપૂર્વક રાહ જોવી.
ઊર્મિલા ચૌદ વર્ષ સુધી લક્ષ્મણના મિલન માટે તલખી રહી.

(79) તલવાર તાણવી - સામનો કરવો, ઝઝૂમવું.
'નર્મદે' વહેમ અને જડતા વિરુદ્ધ તલવાર તાણી હતી.

(80) પગની તળે હોવું - પોતાની પાસે હોવું.
જે સુખની આપણને તલાશ હોય એ કેટલીક વાર આપણા પગની તળે જ હોય છે એવું પણ બની શકે છે.

## HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**EFFECTIVE FROM JUNE 2023-24 UNDER NEP**

**PROGRAMME CODE : ARTUG101**
**COURSE CODE : AR23MDCGUJ103**
**SEMESTER : 01**
**COURSE NAME : સાહિત્યકૃતિનો અભ્યાસ (ગદ્ય)**

**નિયત કૃતિ :‘પ્રશિષ્ટ ગુજરાતી હાસ્યરચનાઓ’**

**સંપાદક : ઉર્વીશ કોઠારી**

**પ્રકાશક : અરુણોદય પ્રકાશન, અમદાવાદ**

| Total Credits : 04 ( 04 Period/Week ) | Theory | External – 50 Marks |
|---|---|---|
| | | Internal – 50 Marks |

**Course Outcome : ( હેતુઓ )**

વિદ્યાર્થીઓ -

- હાસ્યરચનાઓ ( હાસ્ય નિબંધો ) દ્વારા આનંદ મેળવે.
- હાસ્ય નિબંધના સ્વરૂપને સમજે.
- હાસ્ય,કટાક્ષ,વ્યંગ્ય, ઉપહાસ,નર્મ – મર્મ,વિનોદ વગેરે હાસ્યનાં તત્ત્વોને માણે અને સમજે.
- હાસ્ય સર્જકોનો પરિચય મેળવે.
- ભાષા સજ્જતા કેળવે.

**<u>નિમ્નલિખિત હાસ્યરચનાઓ પાઠ્યક્રમમાં નિયત કરવામાં આવે છે :</u>**

૧. થોભીઆ – રમણભાઈ નીલકંઠ
૨. સાહિત્ય અને અસ્પષ્ટતા – જ્યોતીન્દ્ર દવે
3. શાકુંતલનો ગૂઢાર્થ – રા.વિ. પાઠક
૪. સાહિત્યમાં અપહરણ – બકુલ ત્રિપાઠી
૫. વાંચવા લાવેલું પુસ્તક પાછું ન..... – રતિલાલ બોરીસાગર
૬. કવિ ભાસ્કર દવેની શોકસભા – વિનોદ ભટ્ટ
૭. ૨૦૧૦નાં ઊંધાં ચશ્માં – તારક મહેતા
૮. કેટલાક વણલખ્યા રિવાજો – મન્નુ શેખચલ્લી
૯. શ્વાનસંસદની રાત્રિ બેઠક – ઉર્વીશ કોઠારી
૧૦. બેસી રહેવાની કળા – કલ્પના દેસાઈ
૧૧. બેગ બાંધ્યાની વેળાએ – સંજય છેલ

| અ.નં. | એકમ | | ક્રેડિટ | કલાક |
|---|---|---|---|---|
| ૧ | એકમ– ૧ | હાસ્યનિબંધક્ષેત્રે નિમ્નસૂચિત સર્જકોના પ્રદાનનો પરિચય :<br>૧. જ્યોતીન્દ્ર દવે૨. રમણભાઈ નીલકંઠ<br>3. બકુલ ત્રિપાઠી૪. રતિલાલ બોરસાગર<br>૫. વિનોદ ભટ્ટ૬. તારક મહેતા<br>( પરીક્ષામાં ત્રણમાંથી ગમે તે એક વિશે જવાબ લખવાનો રહેશે. ) | 1 | અઠવાડિક ચાર કલાક |
| ૨ | એકમ– | સમીક્ષાત્મક પ્રશ્નો<br>• હાસ્યરચનાઓનું સમગ્રલક્ષી મૂલ્યાંકન | 1 | |

<table>
<tr><td></td><td>૨</td><td>• મહત્ત્વની ટૂંક નોંધો</td><td></td><td rowspan="3"></td></tr>
<tr><td>3</td><td>એકમ–3</td><td>હાસ્યનિબંધોનો આસ્વાદમૂલક પરિચય<br>( ત્રણમાંથી ગમે તે એક )</td><td>1</td></tr>
<tr><td>૪</td><td>એકમ–૪</td><td>ભાષાસજ્જતા : ( જુઓ,પરિશિષ્ટ )<br>• સમાનાર્થી શબ્દો ( નિયત કરેલા શબ્દોમાંથી )<br>• વિરુદ્ધાર્થી શબ્દો ( નિયત કરેલા શબ્દોમાંથી )<br>( બંને બાર –બાર પુછાશે.નવ –નવના જવાબ લખવાના રહેશે. )</td><td>1</td></tr>
</table>

સંદર્ભગ્રંથો :

૧. ગુજરાતની હાસ્યધારા – સં . વિનોદ ભટ્ટ
૨. અર્વાચીનગુજરાતી સાહિત્યની વિકાસરેખા – ધીરુભાઈ ઠાકર
3.વિનોદ વિમર્શ –વિનોદ ભટ્ટ
૪. નિબંધ :સ્વરૂપ અને વિકાસ –પ્રવીણ દરજી
૫. નિબંધ અને ગુજરાતી નિબંધ : સં. જયંત કોઠારી
૬. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ –મધુસૂદન પારેખ
૭. ગુજરાતીમાં હાસ્ય અને કટાક્ષ –મધુસૂદન પારેખ
૮. હાસ્યમંદિર – રમણભાઈ નીલકંઠ
૯. હળવા નિબંધનું સાહિત્ય – મધુસૂદન પારેખ ( જુઓ,પરિશિષ્ટ , પ્રશિષ્ટ ગુજરાતી હાસ્ય રચનાઓ )

## સમાનાર્થી શબ્દો

| | | | |
|---|---|---|---|
| ૧. | વિજ્ઞાપન | : | જાહેરાત, જાહેરનામું ઘોષણા, જાહેર ખબર, પ્રસિદ્ધિ ખ્યાતપન |
| ૨. | કેળ | : | કદલી, રંભા |
| ૩. | કોઠારી | : | કોશાધ્યક્ષ, ખજાનચી, ભંડારી, મોદી |
| ૪. | છાપ | : | મુદ્રા, મહોર, સિક્કો, મુદ્રણ, ચંદો, અરાખડું |
| ૫. | અડોઅડ | : | લગોલગ, સરસું, જોડાજોડ, પાસે, નજીક, સમીપ |
| ૬. | અસત્ય | : | ખોટું, મિથ્યા, કૈતવ, મૃષાવાદ |
| ૭. | જવાહર | : | ઝવેર, ઝવેરાત, આભૂષણ, દાગીના, અલંકાર, ઘરેણાં |
| ૮. | જોડકું | : | યુગ્મ, જોડ, યુગલ, યમલ, મિથુન, બેલડી, જોડી |
| ૯. | વ્યવસાય | : | રોજગાર, ધંધો, કસબ, વ્યાપાર, કામકાજ, કર્મણ |
| ૧૦. | નામ | : | અભિધાન, આખ્યા, સંજ્ઞા |
| ૧૧. | નિયમન | : | નિયંત્રણ, નિયમ, અંકૂશ, બંધન |
| ૧૨. | મંજૂષા | : | પટારો, મજૂસ, ખજાનો |
| ૧૩. | શેતરંજી | : | પાથરણું, આછર, આથર, આસ્તર, પાથરણ, બિસ્તરો |
| ૧૪. | સેતુ | : | બંધ, પાળો, પાજ, પુલ, પાગ, બાંધ, ધક્કો |
| ૧૫. | બાણ | : | ફૂલ, પુષ્પ, કુસુમ, પ્રસૂન, સુમન |
| ૧૬. | બ્રહ્મા | : | અજ, અગ્રજન્મા, ધાતા, અષ્ટકર્ણ, શ્રવણ |
| ૧૭. | મેધાવી | : | બુદ્ધિશાળી, મનીષી, બુદ્ધિમાન, ચતુર, બુદ્ધિસંપન્ન |
| ૧૮. | કિરીટ | : | મુગટ, તાજ |
| ૧૯. | ઓઘ | : | ઢગલો, જથ્થો, પ્રવાહ |
| ૨૦. | આભિજાત્ય | : | કુલીનતા, ખાનદાની |
| ૨૧. | તનુ | : | પાતળું, કૃશ, દૂબળું |
| ૨૨. | સ્તૂપ | : | ઢગલો, ભંડાર, અંબાર |
| ૨૩. | અવેજ | : | બદલો, મૂડી |
| ૨૪. | આબેહૂબ | : | તાદૃશ, હૂબહૂ |
| ૨૫. | આનક | : | નગારું, મૃદંગ |
| ૨૬. | વ્યાધિ | : | રોગ, પીડા, દર્દ, મરજ |
| ૨૭. | ભાષા | : | વાણી, ગિરા, ભારતી |
| ૨૮. | ગંગા | : | સ્વર્ધુની, જાહ્નવી |
| ૨૯. | પડઘો | : | અનુસ્વન, અનુગુંજ |
| ૩૦. | ઓસાર | : | ઓથ, આશરો, આશ્રય |
| ૩૧. | હોડી | : | મછવો, પનાઈ, નૌકા, નાવ, તરણી, હોડકું, તરી |
| ૩૨. | હૈયું | : | હૃદય, દિલ, અંતઃકરણ, મન, ચિત્ત |
| ૩૩. | અચરજ | : | અચંબો, અંજાયબી, વિસ્મય, નવાઈ, હેરત, તાજુબી, આશ્ચર્ય |
| ૩૪. | અખિલ | : | સકળ, સઘળું, તમામ, સમગ્ર, સમસ્ત, આખું, સર્વ |

| | | | |
|---|---|---|---|
| ૩૫. | આગ | : | અગ્નિ, પાવક, અનલ, હુતાશન, આતશ, દવ, જ્વાળા |
| ૩૬. | અચાનક | : | સહસા, અણધાર્યું, એકદમ, એકાએક |
| ૩૭. | અતિશય | : | અત્યંત, અઢળક, પુષ્કળ, ઘણું, વધારે, અધિક |
| ૩૮. | અનિલ | : | પવન, વાયુ, વાયરો, સમીર, મરુત, વા |
| ૩૯. | અવાજ | : | નાદ, ધ્વનિ, સાદ, ઘોષ, રવ, નિનાદ, આરવ |
| ૪૦. | અંધકાર | : | અંધારું, તમ, તિમિર |
| ૪૧. | આકાશ | : | નભ, વ્યોમ, આભ, અંબર, આસમાન, ગગન, દ્યૌ |
| ૪૨. | અક્કલ | : | બુદ્ધિ, મતિ, મેધા |
| ૪૩. | આત્મજા | : | દીકરી, તનયા, પુત્રી, સુતા, તનુજા, દુહિતા |
| ૪૪. | ધન | : | વિત્ત, દ્રવ્ય, નાણું, પૈસો, અર્થ, સમૃદ્ધિ, દોલત, મિરાત, વસુ, પુંજી, સંપત્તિ |
| ૪૫. | ઉપકાર | : | અહેસાન, કૃતજ્ઞતા, પાડ, આભાર, ઉપકૃતિ |
| ૪૬. | આશા | : | ઉમેદ, કામના, વાંછા, ઈચ્છા, મનોરથ, અપેક્ષા, અરમાન, આરજૂ, આતુરતા, એષણા, આકાંક્ષા |
| ૪૭. | આંખ | : | નયન, નેણ, ચક્ષુ, દૃગ, દ્રષ્ટિ, લોચન, અક્ષ, નેત્ર |
| ૪૮. | ઈન્દ્ર | : | સુરપતિ, શચીપતિ, મઘવા, શક્ર, પુરંદર, શચીશ, દેવરાજ, વાસવ, સુરેશ, કૌશિક |
| ૪૯. | કમળ | : | સરોજ, શતદલ, નલિન, અંભોજ, ઉત્પલ, પુંડરિક, પંકજ, કુવલય, રાજીવ, પોયણું, કૈરવ, ઈંદીવર |
| ૫૦. | કાયમ | : | હંમેશા, નિત્ય, સનાતન, રોજ, સદા, શાશ્વત |
| ૫૧. | ઘોડો | : | તોખાર, વાજી, તુરંગ, હય, અશ્વ, તુરંગમ |
| ૫૨. | ઘર | : | આલય, સદન, ગૃહ, ભવન, નિવાસ, ધામ, રહેઠાણ, મકાન, આગાર, સદમ, મંદિર, નિલય, નિકેતન |
| ૫૩. | ગરીબ | : | રંક, પામર, દરિદ્ર, દીન, નિર્ધન, કંગાલ, અકિંચન |
| ૫૪. | નદી | : | તટિની, સરિતા, શૈવલિની, નિર્ઝરિણી, સ્ત્રોતસ્વિની, તરંગિણી |
| ૫૫. | ઝાડ | : | વૃક્ષ, તરુ, દ્રુપ, પાદપ, તરુવર |
| ૫૬. | ચંદ્ર | : | શશી, મયંક, વિધુ, સુધાંશુ, શીતાશું, હિમાંશુ, શશાંક, સોમ, ચંદ્રમા, ઈન્દુ, નિશાકર, ચાંદ, નિશાપતિ, ચાંદલિયો, કુમુદપતિ, મૃગાંક |
| ૫૭. | નોકર | : | પરિચારક, કિંકર, ભર્ત્ય, સેવક, દાસ, ચાકર |
| ૫૮. | દરિયો | : | સાયર, ઉદધિ, જલધિ, પયોનિધિ, મહેરામણ, મહાસાગર, સમુદ્ર, સિંધુ, રત્નાકાર, અંબુધિ, વારિધિ, જળાબ્ધિ, જળનિધિ, અર્ણવ, અબ્ધિ |
| ૫૯. | દુશ્મન | : | વેરી, રિપુ, શત્રુ, અરિ |
| ૬૦. | જગત | : | વિશ્વ, લોક, ભુવન, સંસાર, દુનિયા, સૃષ્ટિ, જહાજ, ખલક, જહાં, આલમ |
| ૬૧. | પર્વત | : | ડુંગર, નગ, અદ્રિ, ગિરિ, પહાડ, અચલ, ભૂધલ, શૈલ, અચલ |
| ૬૨. | જૂનું | : | પુરાતન, ચિરંતન, પ્રાચીન, જર્જરિત, જીર્ણ, પુરાણું |
| ૬૩. | પૃથ્વી | : | ધરા, ધરતી, મહી, ભૂ, વસુધા, ધરિત્રી, ધારિણી, અવનિ, વસુમતી, વિશ્વંભરા, ધરણી, ભુ, ભૂમિ, ઈલા, ઉર્વી, વસુંધરા |
| ૬૪. | ભમરો | : | દ્વિરેક, મધુકર, ભ્રમણ, અલિ, ભૃંગ, ષટ્પદ |
| ૬૫. | પાણી | : | જળ, વારિ, સલિલ, અંબુ, ઉદક, નીર, તોય |
| ૬૬. | ફૂલ | : | પુષ્પ, પ્રસૂન, સુમન, કુસુમ |
| ૬૭. | પંખી | : | ખગ, વિહંગ, દ્વિજ, પક્ષી, વિહંગમ, અંડજ, શકુન્ત, શકુનિ, વિહગ |
| ૬૮. | રાત્રિ | : | રજની, યામિની, નિશીથ, વિભાવરી, નિશા, શર્વરી |

૬૯. સફેદ : શ્વેત, ધવલ, શુચિ, ગૌર, ધોળું, શુભ્ર, શુકલ, પવિત્ર, પાંડુ, શુદ્ધ
૭૦. સૂર્ય : રવિ, ભાનુ, દિનનાથ, આદિત્ય, માર્તંડ, દિનકર, પ્રભાકર, તપન, ભાણ, ભાસ્કર, મિહિર, સવિતા, અર્ક, અંશુમાન, મિત્ર, નભોમણિ, કિરણમાલી
૭૧. સ્ત્રી : વનિતા, મહિલા, કામિની, નારી, માનિની, અબળા, ભામિની, રામા, વામા, ભામા, પ્રમદા, અંગના, રમણી, ઓરત, લલના
૭૨. મુસાફર : રાહદારી, પ્રવાસી, વટેમાર્ગુ, પાન્થ, પથિક, યાત્રિક
૭૩. શરીર : દેહ, કાયા, તન, વપુ, અંગ, કલેવર, ગાત્ર
૭૪. સુગંધ : સૌરભ, ફોરમ, સુવાસ, ખુશ્બુ, પરિમલ
૭૫. દીપ્તિ : તેજ, ચમક, ઉજાસ, પ્રકાશ, જ્યોતિ
૭૬. જંગલ : અરણ્ય, વન, અટવિ, વિપિન
૭૭. મિત્ર : દોસ્ત, ભેરુ, યાર, સખા, સહોદર, વયસ્ય, અનીસ
૭૮. સભા : પરિષદ, ગોષ્ઠિ, સમિતિ
૭૯. વિદ્વાન : પંડિત, વિચક્ષણ, કોવિદ
૮૦. સાપ : અહિ, ભુજંગ, કાકોદર, ઉરગ, પન્નગ, ફણાધર, દ્વિજિહ્વા, ચક્ષુઃશ્રવા, નાગ, પવનાશ, વશિયર, શરભૂ, ભારિંગ, કાકોલ, ક્ષેત્રપાલ
૮૧. દિવસ : અહ્ન, દિન, વાસર, દહાડો
૮૨. દૂધ : પય, દુગ્ધ, ક્ષીર
૮૩. વૈભવ : સમૃદ્ધિ, જાહોજલાલી
૮૪. બહાદુરી : વીરતા, શૂરાતન, શૌર્ય, પરાક્રમ, બળ, શકિત, કૌવત, તાકાત, હિંમત
૮૫. હાથી : કુંજર, હસ્તી, મતંગજ, ગજ, દ્વિરદ
૮૬. સ્નેહ : પ્રીતિ, હેત, રાગ, મમતા, માયા, પ્રેમ
૮૭. અખંડ : અકબંધ, આખું, અવિભકત, અભંગ, અતૂટ, અક્ષત, અવિભાજિત, સાબૂત, અચ્છિન્ન, અખિલ, અવિરલ
૮૮. અર્જુન : પાર્થ, ધનંજ્ય, સવ્યસાચી, ગાંડિવપાણિ, કૌંતેય, કિરીટી, ઈન્દ્રપુત્ર
૮૯. અગ્નિ : હુતવહ, હુતાગ્નિ, ધૂમકેતુ, પાવક, લાય, લાહ, દહન, અનલ, અનક
૯૦. અનિરુદ્ધ : કામકુમાર, કામજ, કામકુંવર
૯૧. અપમાન : અવગણના, અવજ્ઞા, અનાદર, અભિનવ, અવધારણા, અવહેલના, તુચ્છકાર, તિરસ્કાર, નિરાદર, અવમાનતા, માનહાનિ
૯૨. અમર : અજર, અક્ષર, અક્ષય, મૃત્યુંજય, અમૃત, અનશ્વર, નિર્જર, અવિનાશી
૯૩. પ્રતિષ્ઠા : પ્રસિદ્ધિ, કીર્તિ, નામના, ખ્યાતિ, ઈજ્જત, શોભા, મોભો, માન
૯૪. આભૂષણ : ઘરેણું, વિભૂષણ, આભરણ, અલંકાર, દાગીના, ઝવેર, શૃંગાર
૯૫. અરીસો : આયનો, દર્પણ, ચાટલું, આરસી
૯૬. આસન : પીઠિકા, કડાસન, કટાસણું, આસંદિકા, ઘડકી, બાજઠ
૯૭. સુધા : અમૃત, પીયુષ, સુધારસ, સુરભોગ, દેવભોજ્ય, દેવાહાર, અમરત, અમી, અગદરાજ
૯૮. ઉન્નતિ : ઉત્થાન, ઉત્કર્ષ, અભ્યુદય, અભ્યુત્થાન, અભિવૃદ્ધિ, ચડતી
૯૯. ઊંટ : આકાશમુનિ, દાશેર, ઉષ્ટ્ર
૧૦૦. ઓરડો : કક્ષ, ખંડ, ગજાર, દીવાન, આવાસ
૧૦૧. કપટ : કુટિલતા, કૌટિલ્ય, છલ, ઠગાઈ, દગાખોરી, પ્રપંચ, ફરેબ, દગો
૧૦૨. કલંક : કાલિમા, કાળપ, ક્ષતિ, ઝાંખ, બદનામી, લાંછન, દોષ, ધબ્બો
૧૦૩. કલ્યાણ : શિવ, શ્રેય, કુશલ, ક્ષેમ, ભદ્ર, મંગલ, શુભ, હિત, માંગલ્ય

| | | |
|---|---|---|
| ૧૦૪. કાગડો | : | કાઉ, કાક, કૌવો, વાયસ, હાડિયો, હાડો, કાગ, એકાક્ષ |
| ૧૦૫. કાદવ | : | કર્દમ, પંક, ગારો, ચિખલ, કલ્ક, કીચડ, જલકલ્ક |
| ૧૦૬. આંસુ | : | અશ્રુ, નેત્રજલ, નેત્રાંબુ, અશ્રુજલ, આનંદાશ્રુ |
| ૧૦૭. કોટ | : | કિલ્લો, ગઢ, દૂર્ગ, પ્રાકાર, અબ્દુર્ગ |
| ૧૦૮. આજ્ઞા | : | આદેશ, હુકમ, નિર્દેશ, આણ, શાસન, ફરમાન |
| ૧૦૯. કિનારો | : | ઘાટ, કાંઠો, તીર, પુલિન |
| ૧૧૦. કિરણ | : | અર્ક, અંશુ, રશ્મિ, કર, મરીચિ, ગભસ્તિ, મયૂખ |
| ૧૧૧. કૂતરો | : | શ્વાન, સારમેય, અલર્ક, આખેટક, શુનક |
| ૧૧૨. કૃપા | : | દયા, કરુણા, મહેરબાની, અનુકંપા, મહેર, અનુગ્રહ |
| ૧૧૩. કુબેર | : | ધનપતિ, ધનપાલ, અલકાધિપ, અલકેશ, અલકાધીસ, ઐલવલિ, ધનદ, પૌલસ્ત્ય, યમરાજ, વિત્તેશ, વૈશ્રવણ |
| ૧૧૪. કોયલ | : | પરભૃતા, કોકિલા, વનપ્રિયા, શ્યામા, મકરંદ, પીક |
| ૧૧૫. કૃષ્ણ | : | કહાન, માધવ, ગોવિંદ, મોહન, નટવર, મુરારિ, હરિ, મધુસૂદન, યદુનંદન, ઘનશ્યામ, જનાર્દન, દામોદર, ગિરિધર, ગોપાલ, કેશવ, રાધાવલ્લભ, વાસુદેવ, વિઠ્ઠલ, વ્રજવિહારી |
| ૧૧૬. સમાચાર | : | ખબર, સંદેશો, વૃત્તાંત, બાતમી, પત્તો, માહિતી, ભાળ, કહેણ |
| ૧૧૭. ખલાસી | : | વહાણવટી, માછી, ઢીમર, ખારવો, સફરી, ખેવટ, કપ્તાન |
| ૧૧૮. ચોક્સાઈ | : | ખાતરી, પ્રતીતિ, હૈયાધારણ, નિ:શંકપણું |
| ૧૧૯. ખાડો | : | ગાબડું, ગોબો, ભૂવો, ધરો, વીરડો, ખાઈ, અવપાત, અઘડ, ઉખાડ, કુંડ, ખાધરો, ગર્ત, અજાડી, ખાબોચિયું |
| ૧૨૦. ખેડૂત | : | કિસાન, કૃષિક, કૃષિકાર, કર્ષક, ક્ષેત્રપાલ, ક્ષેત્રી, ખેડુ, કૃષીવલ |
| ૧૨૧. ખેતર | : | ક્ષેત્ર, ખેતર, કર્ષણ, કેદાર |
| ૧૨૨. ગણપતિ | : | ગજાનન, ગજકર્ણ, ગજકંદ, ગજવદન, ગણનાયક, ગણાધિપ, ગણેશ, એકદંત, ગિરજાસુત, લંબોદર, વક્રતુંડ, વિનાયક, વિઘ્નનાશક, સિદ્ધિનાયક |
| ૧૨૩. ગરીબ | : | દરિદ્ર, નિર્ધન, નાદાર, પામર, રંક, મિસ્કીન, મુફલિસ, રાંક, અભર, અલાદ, મુહતાજ |
| ૧૨૪. ગર્દભ | : | ગધેડો, ખર, ખોલકો, ગર્ધવ, રાસભ, લંબકર્ણ, વૈશાખનંદન |
| ૧૨૫. ગળું | : | ગરદન, ગ્રીવા, ડોક, બોચી, ગળચી, કંઠ, ઓડ, ખાંધ, શિરોધર, કંધર |
| ૧૨૬. ગરમ | : | ઉષ્ણ, ઉષ્મા, ધખારો, તાપ, ઊનું |
| ૧૨૭ ગાય | : | ગવરી, ગૌ, ધેનુ, કપિલા, સુરભિ |
| ૧૨૮. ગોઠવણ | : | યોજના, વ્યવસ્થા, સગવડ, આયોજન, બંધારણ, રચના, નિર્માણ, બનાવટ, બંદોબસ્ત |
| ૧૨૯. જ્ઞાન | : | અવભાસ, અનુભવ, અધિગમ, ચિન્માત્ર, ચેતના, ચૈતન્ય, જ્ઞપ્તિ, નિબોધ, પ્રતિપત્તિ, અનુંબોધ, સમજ, બોધિ |
| ૧૩૦. ગુફા | : | કંદરા, ગોભણ, ખોહ, દરિ, ગોહર, ગિરિગૃહા |
| ૧૩૧. ઝડપ | : | ગતિ, ઝપટ, ઉતાવળ, તાકીદ, ત્વરા, વેગ |
| ૧૩૨. જૂનવાણી | : | જૂનું, ચિરંતન, ચિરકાલીન, પ્રાચીન, પુરાણું, પૂર્વેનું, અસલ, પહેલાનું |
| ૧૩૩. જન્મ | : | અવતાર, આગમન, અવતરણ, આવિર્ભાવ, ઉત્પત્તિ, ઉદ્ભવ, પ્રભવ, પ્રસવ, આગમ |
| ૧૩૪! કુદરત | : | પ્રકૃતિ, નિસર્ગ |
| ૧૩૫. હાથ | : | કર, હસ્ત, પાણિ, કરક, પાણ, બાહુ, ભુજા, બાંય |

| | | |
|---|---|---|
| ૧૩૬. માખણ | : | નવનીત, ગોરસ, મસકો |
| ૧૩૭. મોર | : | કલાપી, મયૂર, નીલકંઠ, શિખી, શિખંડી |
| ૧૩૮. હળ | : | કુંતલ, ગોકિલ, સાંતિ |
| ૧૩૯. અહર્નિસ | : | સતત, નિત્ય, હંમેશા, નિરંતર, સદા, સર્વદા, વારંવાર, અનુદિન, નિશદિન, દરરોજ, સદૈવ, કાયમ |
| ૧૪૦. હાર | : | આવલિ, કડી, કતાર, પંગત, પંક્તિ, શ્રેણી, પરંપરા, અલગાર, ધારા |
| ૧૪૧. હરણ | : | મૃગ, કસ્તુરી, કુરંગ, કૃષ્ણસાર, મરગ, ગોકર્ણ |
| ૧૪૨. હનુમાન | : | અંજનીપુત્ર, મનોજવ, મારુતિ, કપીશ્વર, આંજનેય, હનુમંત, વાયુપુત્ર, બજરંગ |
| ૧૪૩. સ્નાન | : | અભિષેક, અભ્યંગ, ઝીલણ, અવગાહ |
| ૧૪૪. સ્વર્ગ | : | અક્ષયધામ, અક્ષરધામ, અમરાપુરી, ઈન્દ્રસદન, ઊર્ધ્વલોક, ત્રિદશાલય, વૈકુંઠ, સુરપુર |
| ૧૪૫. સોય | : | સૂચિ, સૂચિકા |
| ૧૪૬. શિખર | : | ટોચ, શૃંગ, તુંગ, ટૂંક, ચોટી, કાંગરો |
| ૧૪૭. સોનું | : | કંચન, કનક, હેમ, હિરણ્ય, હાટક |
| ૧૪૮. સીતા | : | અજતનયા, મૈથિલી, વૈદેહી, ભૂમિજા, અજન્મા, રામપ્રિયા, સંભવા, જનકતનયા, જાનકી |
| ૧૪૯. સિંહ | : | મૃગેન્દ્ર, સાવજ, શેર, કેસરી, હરિ, પંચમુખ, પંચાનન, ગજારિ, કુંજરકાળ, પંચાસ્ય |
| ૧૫૦. સંબંધ | : | નિસ્બત, અનુબંધ, સંસર્ગ, સંધાન, સંગ, સમવાય, નાતો, જોડાણ, અભિયોગ, અનુસંધાન, અનુષંગ, સંયોજન, સંપર્ક |
| ૧૫૧. સમૂહ | : | કાફલો, સમુદાય, જૂથ, ટોળું, સમવાય, ગણ, આકાર |
| ૧૫૨. શરીર | : | તન, વપુ, કાયા, પુદ્ગલ, ગાત્ર, કલેવર, ક્ષેત્ર, કાયા, દેહ, પંડ |
| ૧૫૩. સાત્વિક | : | સત્ય, હકીકત, તથ્ય, પ્રમાણ, ખરૂં, સાચું, સચ્ચાઈ, વાસ્તવિકતા |
| ૧૫૪. વેર | : | દુશ્મનાવટ, અંટસ, શત્રુતા, દ્વેષ, અદાવત, દાઝ, દુશ્મની |
| ૧૫૫. વિષ્ણુ | : | કેશવ, ત્રિકમ, અચ્યુત, પીતાંબર, વિશ્વંભર, મુકુંદ, લક્ષ્મીપતિ |
| ૧૫૬. અવલોકન | : | અન્વીક્ષા, આલોચના, સમજૂતી, વિવેચન, સમાલોચન, પર્યેષણ |
| ૧૫૭. વાંદરો | : | કપિ, મર્કટ, માંકડું, વાનર, શાખામૃગ, બાહુક, પ્લવંગમ |
| ૧૫૮. વસ્ત્ર | : | કાપડ, ચિર, પરિધાન, દુકૂલ, વસન, અંકુશ, અંબર |
| ૧૫૯. વરસાદ | : | ઘન, પર્જન્ય, પાવસ, બલાહક, મરુત્વાન, મેહ, મેઘ, વર્ષા, વૃષ્ટિ, હેલી |
| ૧૬૦. વસંત | : | કુસુમાકર, ફલ્ગુ, ફાગુ, મધુ |
| ૧૬૧. વર્ણન | : | આલેખન, ઉલ્લેખ, કથન, નિરૂપણ, હેવાલ, વિગત, પ્રતિપાદન, બયાન, વિવરણ |
| ૧૬૨. રસ્તો | : | માર્ગ, પંથ, કેડી, વાટ, રાહ, સડક, અધ્વ, ચીલો, વીથી, સરણી |
| ૧૬૩. રાજા | : | નૃપતિ, નૃપાલ, ભૂપ, ભૂપતિ, મહિપતિ, રાજવી, નરેશ, પ્રજાપતિ, કિરીટી, અધિપતિ, સમ્રાટ |
| ૧૬૪. લશ્કર | : | સૈન્ય, પાયદળ, કટક, ચમૂ, સેના, ફોજ |
| ૧૬૫. યજ્ઞ | : | હોમ, હવન, યાગ, સત્ર, અદવર, ક્રતુ, જગન, મખ, મેધ |
| ૧૬૬. બૃહદ | : | મહાન, વિરાટ, મોટું, વિશાળ, વડું, કદાવર, ગંજાવર |
| ૧૬૭. લહેર | : | મોજું, તરંગ, લહેરખી, હિલ્લોળ, વીચી, છોળ |
| ૧૬૮. મહાદેવ | : | આશુતોષ, ઉમાપતિ, ઉમેશ, ગિરીશ, ચંદ્રમૌલી, દુર્ગેશ, નીલકંઠ, |

| | | | |
|---|---|---|---|
| | | | પિનાકપાણિ, યોગીશ્વર, શંકર, શૂલપાણિ, સદાશિવ, મૃત્યુંજ્ય, નટરાજ |
| ૧૬૯. | મકરંદ | : | કુસુમસાર, મધ, પુષ્પમધુ, પુષ્પરસ, ભમરો, કોયલ |
| ૧૭૦. | ભંડાર | : | કોઠાર, નિધિ, ખજાનો, કોશ, સંગ્રહ, અંબાર |
| ૧૭૧. | ભમરો | : | દ્વિરેફ, ભૃંગ, ભ્રમર, મકરંદ, મધુકર, અલિ, મધુપ, શિલિમુખ |
| ૧૭૨. | ઊણપ | : | ખામી, ઓછપ |
| ૧૭૩. | વાક્ | : | ઉક્તિ, ભાષા, બ્રાહ્મી, ભારતી, વાણી |
| ૧૭૪. | મહેમાન | : | અતિથિ, અભ્યાગત, પરોણો |
| ૧૭૫. | આરામ | : | વિરામ, વિશ્રામ, વિશ્રાંતિ |
| ૧૭૬. | ઔષધ | : | દવા, ઓષડ, ઔષધિ |
| ૧૭૭. | સંકલ્પ | : | નિર્ણય, નિશ્ચય |
| ૧૭૮. | સ્ત્રોત | : | ઝરો, ઝરણ, વહેણ, પ્રવાહ |
| ૧૭૯. | સૌરભ | : | સુવાસ, સુગંધ, પરિમલ |
| ૧૮૦. | પરિણય | : | લગ્ન, વિવાહ |
| ૧૮૧. | લાચાર | : | નિરાશ, હતાશ, બિચારું, નિરાધાર |
| ૧૮૨. | ઉનાળો | : | ગ્રીષ્મ, નિદાઘ |
| ૧૮૩. | કૌશલ | : | પ્રાવીણ્ય, ચતુરાઈ, નિપુણતા, પટુતા, દક્ષતા, કુશળ |
| ૧૮૪. | ઉપકાર | : | આભાર, કૃતજ્ઞતા, ઉપકૃતિ, પાડ, અહેસાન |
| ૧૮૫. | પ્રણામ | : | નમસ્કાર, સલામ, જુહાર |
| ૧૮૬. | ધ્યેય | : | હેતુ, લક્ષ્ય, ઉદ્દેશ, પ્રયોજન, આશય, કારણ |
| ૧૮૭. | બાણ | : | તીર, ધનુષ્ય, શર, સાયક, ઈષુ, વિશિખ |
| ૧૮૮. | પ્રભાત | : | ઉષઃકાળ, સવાર, પરોઢ, પ્રાતઃકાલ, ભોર, પો, મળસકું, અરુણોદય, વહાણું, પરોઢિયું |
| ૧૮૯. | માતા | : | જનની, જન્મદાત્રી, માવડી, માત, જનેતા, મા |
| ૧૯૦. | વર્ષ | : | સાલ, સંવત્સર, શબ્દ, વરસ |
| ૧૯૧. | સરસ્વતી | : | શારદા, શ્રી, વાગીશ્વરી, ગિરા, ભારતી, વાણી, મયૂરવાહિની |
| ૧૯૨. | સમુચ્ચય | : | યુગ્મ, જોડકું |
| ૧૯૩. | આદિમ | : | પ્રાચીન, પુરાતન, જૂનું, આદિ, આદ્ય, પુરાણું |
| ૧૯૪. | પોપટ | : | કોટ, શુક |
| ૧૯૫. | સરોવર | : | કાસાર, સર, જળાશય |
| ૧૯૬. | ભગ્ન | : | ખંડિત, છિન્ન, ભાંગેલું, જીર્ણ |
| ૧૯૭. | ક્ષુલ્લક | : | વાહિયાત, નકામું, ફોગટ |
| ૧૯૮. | સંકલ્પ | : | નિશ્ચય, પ્રતિજ્ઞા, ટેક |
| ૧૯૯. | સંશોધન | : | અન્વેષણ, ગવેષણા, શોધ, તલાશ |
| ૨૦૦. | નામ | : | અભિધાન, આખ્યા, સંજ્ઞા |

## વિરુદ્ધાર્થી શબ્દો

| | | | |
|---|---|---|---|
| ૧. | અધિક | × | ન્યૂન |
| ૨. | નિષ્કાંચન | × | ધનવાન |
| ૩. | અનુભવી | × | બિનઅનુભવી |
| ૪. | અપેક્ષા | × | ઉપેક્ષા |
| ૫. | અહીં | × | તહીં |
| ૬. | અગોચર | × | ગોચર |
| ૭. | અજ્ઞ | × | પ્રજ્ઞ |
| ૮. | આરંભ | × | અંત |
| ૯. | અરિ | × | મિત્ર |
| ૧૦. | અર્પણ | × | સ્વીકાર |
| ૧૧. | અપયશ | × | કીર્તિ |
| ૧૨. | આસમાન | × | ધરતી |
| ૧૩. | અદ્ય | × | કાલે |
| ૧૪. | આનંદ | × | શોક |
| ૧૫. | અજવાળું | × | અંધારું |
| ૧૬. | અમૃત | × | વિષ |
| ૧૭. | અડગ | × | ચલિત |
| ૧૮. | અભય | × | બીકણ |
| ૧૯. | અખંડ | × | ખંડિત |
| ૨૦. | અગ્ર | × | પૃષ્ઠ |
| ૨૧. | આગ્રહ | × | અનાગ્રહ |
| ૨૨ | આદેશ | × | વિનંતી |
| ૨૩. | દરિદ્ર | × | ધનિક |
| ૨૪. | વિરાટ | × | વામન |
| ૨૫. | સ્વાભિમાન | × | મિથ્યાભિમાન |
| ૨૬. | આમંત્રણ | × | વિદાય |
| ૨૭. | પાપ | × | પુણ્ય |
| ૨૮. | ધવલ | × | કાળું |
| ૨૯. | કલંક | × | નિષ્કલંક |
| ૩૦. | બંધન | × | મુક્તિ |
| ૩૧. | હર્ષ | × | શોક |

| | | | |
|---|---|---|---|
| ૩૨. | સુખ | × | દુઃખ |
| ૩૩. | કૂથલી | × | વખાણ |
| ૩૪. | મલિન | × | નિર્મળ |
| ૩૫. | કઠોર | × | નરમ |
| ૩૬. | શૂરવીર | × | કાયર |
| ૩૭. | શિથિલ | × | મજબૂત |
| ૩૮. | ઉદાર | × | લોભી |
| ૩૯. | મુખ્ય | × | ગૌણ |
| ૪૦. | તેજ | × | તિમિર |
| ૪૧. | સંયોગ | × | વિયોગ |
| ૪૨. | ચંચળ | × | સ્થિર |
| ૪૩. | સર્જન | × | વિનાશ |
| ૪૪. | સ્વતંત્ર | × | પરતંત્ર |
| ૪૫. | યુવાન | × | વૃદ્ધ |
| ૪૬. | ક્ષય | × | અક્ષય |
| ૪૭. | સ્મૃતિ | × | વિસ્મૃતિ |
| ૪૮. | વાત્સલ્ય | × | ક્રોધ |
| ૪૯. | ઉપકાર | × | અપકાર |
| ૫૦. | સંસારી | × | વૈરાગી |
| ૫૧. | ઈચ્છા | × | અનિચ્છા |
| ૫૨. | વાજબી | × | ગેરવાજબી |
| ૫૩. | સૂર્યોદય | × | સૂર્યાસ્ત |
| ૫૪. | દ્રશ્ય | × | અદ્રશ્ય |
| ૫૫. | સજ્જન | × | દુર્જન |
| ૫૬. | અમી | × | ઝેર |
| ૫૭. | રક્ષક | × | ભક્ષક |
| ૫૮. | નોકર | × | માલિક |
| ૫૯. | ખામી | × | ખૂબી |
| ૬૦. | પ્રત્યક્ષ | × | પરોક્ષ |
| ૬૧. | જાહેર | × | ગુપ્ત |
| ૬૨. | દેવ | × | દાનવ |
| ૬૩. | સાર્થક | × | નિરર્થક |
| ૬૪. | લઘુ | × | ગુરુ |
| ૬૫. | પાનખર | × | વસંત |
| ૬૬. | નિકટ | × | દૂર |
| ૬૭. | હોળી | × | દિવાળી |
| ૬૮. | વિદ્વાન | × | મૂર્ખ |
| ૬૯. | ફરજિયાત | × | મરજિયાત |
| ૭૦. | માન | × | અપમાન |
| ૭૧. | મહેમાન | × | યજમાન |
| ૭૨. | છાયો | × | તડકો |
| ૭૩. | વાસ્તવિક | × | કાલ્પનિક |
| ૭૪. | જડ | × | ચેતન |
| ૭૫. | સફળ | × | નિષ્ફળ |
| ૭૬. | બિંબ | × | પ્રતિબિંબ |
| ૭૭. | અનુકૂળ | × | પ્રતિકૂળ |
| ૭૮. | સાપેક્ષ | × | નિરપેક્ષ |
| ૭૯. | સર્જન | × | વિસર્જન |
| ૮૦. | પ્રેમ | × | દ્વેષ |
| ૮૧. | ભાવ | × | અભાવ |
| ૮૨. | સત્ય | × | મિથ્યા |
| ૮૩. | સંશય | × | વિશ્વાસ |
| ૮૪. | રિક્ત | × | પૂર્ણ |
| ૮૫. | હાજર | × | ગેરહાજર |
| ૮૬. | મિલન | × | વિદાય |
| ૮૭. | વ્યવસ્થા | × | અવ્યવસ્થા |
| ૮૮. | પ્રગટ | × | અપ્રગટ |
| ૮૯. | ઉજાસ | × | તિમિર |
| ૯૦. | ગુણ | × | અવગુણ |
| ૯૧. | નાનપણ | × | ઘડપણ |
| ૯૨. | ઉદ્ભવ | × | નાશ |
| ૯૩. | આસક્તિ | × | અનાસક્તિ |
| ૯૪. | શૂરવીર | × | ડરપોક |
| ૯૫. | શીતળ | × | કઠોર |
| ૯૬. | સંતોષ | × | અસંતોષ |
| ૯૭. | મજૂર | × | માલિક |
| ૯૮. | ઉત્તમ | × | અધમ |
| ૯૯. | ધનવાન | × | નિર્ધન |
| ૧૦૦. | વિજય | × | પરાજય |
| ૧૦૧. | દોષ | × | નિર્દોષ |
| ૧૦૨. | આધાર | × | નિરાધાર |
| ૧૦૩. | સહાય | × | નિઃસહાય |
| ૧૦૪. | સમાન | × | અસમાન |
| ૧૦૫. | રિવાજ | × | કુરિવાજ |
| ૧૦૬. | ઉપયોગ | × | દુરુપયોગ |
| ૧૦૭. | સંવાદ | × | વિસંવાદ |
| ૧૦૮. | સંગતિ | × | વિસંગતિ |
| ૧૦૯. | સંગ | × | કુસંગ |
| ૧૧૦. | સંપ | × | કુસંપ |
| ૧૧૧. | હાસ્ય | × | રુદન |
| ૧૧૨. | સફળ | × | નિષ્ફળ |
| ૧૧૩. | કામ | × | નિષ્કામ |
| ૧૧૪. | સ્વજન | × | પરજન |
| ૧૧૫. | ઉપદ્રવી | × | નિરુપદ્રવી |
| ૧૧૬. | આવક | × | જાવક |
| ૧૧૭. | ધર્મ | × | અધર્મ |
| ૧૧૮. | સ્પષ્ટ | × | અસ્પષ્ટ |

| | | | |
|---|---|---|---|
| ૧૧૯. | લાયક | × | નાલાયક |
| ૧૨૦. | ચિત્ર | × | વિચિત્ર |
| ૧૨૧. | આકાર | × | નિરાકાર |
| ૧૨૨. | સક્રિય | × | નિષ્ક્રિય |
| ૧૨૩. | વર્તમાન | × | ભૂતકાળ |
| ૧૨૪. | અભિમાન | × | નિરાભિમાન |
| ૧૨૫. | લૌકિક | × | અલૌકિક |
| ૧૨૬. | મુક્તિ | × | બંધન |
| ૧૨૭. | સંયોગ | × | વિયોગ |
| ૧૨૮. | સૂક્ષ્મ | × | વિરાટ |
| ૧૨૯. | પ્રથમ | × | અંતિમ |
| ૧૩૦. | આધુનિક | × | પ્રાચીન |
| ૧૩૧. | આકર્ષક | × | અનાકર્ષક |
| ૧૩૨. | સૌભાગ્ય | × | દુર્ભાગ્ય |
| ૧૩૩. | પસંદ | × | નાપસંદ |
| ૧૩૪. | અગમ | × | નિગમ |
| ૧૩૫. | નાયક | × | નાયિકા |
| ૧૩૬. | અભિનેતા | × | અભિનેત્રી |
| ૧૩૭. | સાધારણ | × | અસાધારણ |
| ૧૩૮. | સબળ | × | નિર્બળ |
| ૧૩૯. | વરદાન | × | શાપ |
| ૧૪૦. | શુદ્ધ | × | અશુદ્ધ |
| ૧૪૧. | સ્મરણ | × | વિસ્મરણ |
| ૧૪૨. | રક્ષક | × | ભક્ષક |
| ૧૪૩. | આસ્તિક | × | નાસ્તિક |
| ૧૪૪. | સહિષ્ણુ | × | અસહિષ્ણુ |
| ૧૪૫. | ડહાપણ | × | ગાંડપણ |
| ૧૪૬. | સાર્થક | × | નિરર્થક |
| ૧૪૭. | અસલ | × | નકલ |
| ૧૪૮. | સ્નેહ | × | ક્રોધ |
| ૧૪૯. | ઉચિત | × | અનુચિત |
| ૧૫૦. | વક્તા | × | શ્રોતા |
| ૧૫૧. | ગુપ્ત | × | જાહેર |
| ૧૫૨. | ટેવ | × | કુટેવ |
| ૧૫૩. | સ્વાર્થ | × | નિઃસ્વાર્થ |
| ૧૫૪. | સામાન્ય | × | અસામાન્ય |
| ૧૫૫. | ફાયદો | × | નુકસાન |
| ૧૫૬. | પ્રકાશ | × | અંધકાર |
| ૧૫૭. | તિમિર | × | તેજ |
| ૧૫૮. | સમાન | × | અસમાન |
| ૧૫૯. | સ્વર્ગ | × | નર્ક |
| ૧૬૦. | સુર | × | અસુર |
| ૧૬૧. | અસ્ત | × | ઉદય |
| ૧૬૨. | અનુગામી | × | પુરોગામી |
| ૧૬૩. | આગેકૂચ | × | પીછેહઠ |
| ૧૬૪. | આઘાત | × | પ્રત્યાઘાત |
| ૧૬૫. | આત્મલક્ષી | × | પરલક્ષી |
| ૧૬૬. | આદાન | × | પ્રદાન |
| ૧૬૭. | સજીવ | × | નિર્જીવ |
| ૧૬૮. | ઉધાર | × | જમા |
| ૧૬૯. | પાપ | × | પુણ્ય |
| ૧૭૦. | ખાનગી | × | જાહેર |
| ૧૭૧. | યશ | × | અપયશ |
| ૧૭૨. | સર્જન | × | વિસર્જન |
| ૧૭૩. | ગ્રામીણ | × | શહેરી |
| ૧૭૪. | ગદ્ય | × | પદ્ય |
| ૧૭૫. | જ્યેષ્ઠ | × | કનિષ્ઠ |
| ૧૭૬. | જંગમ | × | સ્થાવર |
| ૧૭૭. | તત્સમ્ | × | તદ્ભવ |
| ૧૭૮. | દ્વૈત | × | અદ્વૈત |
| ૧૭૯. | પૂર્વગ | × | અનુગ |
| ૧૮૦. | વાદ | × | પ્રતિવાદ |
| ૧૮૧. | વક્તા | × | શ્રોતા |
| ૧૮૨. | સંક્ષિપ્ત | × | વિસ્તૃત |
| ૧૮૩. | સંચય | × | વ્યય |
| ૧૮૪. | શુક્લ | × | કૃષ્ણ |
| ૧૮૫. | સંમત | × | અસંમત |
| ૧૮૬. | ઉત્થાન | × | પતન |
| ૧૮૭. | ગમો | × | અણગમો |
| ૧૮૮. | સવળું | × | અવળું |
| ૧૮૯. | નિરામય | × | રોગીષ્ટ |
| ૧૯૦. | નિબિડ | × | સરળ |
| ૧૯૧. | વિનીત | × | નિરક્ષર |
| ૧૯૨. | વિમોચન | × | બંધન |
| ૧૯૩. | અભિભવ | × | વિજય |
| ૧૯૪. | અભિરૂપ | × | અયોગ્ય |
| ૧૯૫. | આર્દ્ર | × | કઠોર |
| ૧૯૬. | વિચક્ષણ | × | મૂઢ |
| ૧૯૭. | દીપ્તિ | × | તમસ |
| ૧૯૮. | સાત્વિક | × | મિથ્યા |
| ૧૯૯. | ઉદ્ભવ | × | સમાપ્તિ |
| ૨૦૦. | અતૃપ્તિ | × | સંતૃપ્તિ |

## HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**EFFECTIVE FROM JUNE 2023-24 UNDER NEP**

**PROGRAMME CODE : ARTUG101**
**COURSE CODE : AR23AECGUJ104**
**SEMESTER : 01**
**COURSE NAME : ગદ્ય અને વ્યાવહારિક વ્યાકરણ**
**( નિયત કૃતિ : 'પ્રિયજન'– વીનેશ અંતાણી)**
**પ્રકાશક : આર. આર. શેઠ એન્ડ કં. પ્રા. લિ. , અમદાવાદ**

| | | |
|---|---|---|
| Total Credits : 02 ( 02 Period/Week ) | Theory | External – 25 Marks |
| | | Internal – 25 Marks |

**Course Outcome : ( હેતુઓ )**

**વિદ્યાર્થીઓ -**

- નવલકથાની સ્વરૂપગત લાક્ષણિકતાઓથી પરિચિતથાય.
- નવલકથા અને ઐતિહાસિકનવલકથાનો ભેદ સમજે.
- ઐતિહાસિક નવલકથાનો આસ્વાદ માણે.
- વ્યાવહારિક વ્યાકરણમાંસજ્જતાપ્રાપ્ત કરે.
- સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સક્ષમ બને.

| અ.નં. | એકમ | | ક્રેડિટ | કલાક |
|---|---|---|---|---|
| ૧ | એકમ–૧ | ૧. નિયત કૃતિ (પ્રિયજન )ની આસ્વાદમૂલક સમીક્ષા<br>૨. કૃતિ આધારિત ટૂંક નોંધો | 2 | અઠવાડિક બે કલાક |
| ૨ | એકમ–૨ | ગદ્યાર્થગ્રહણ<br>• વિદ્યાર્થીએ ગદ્યખંડ વાંચીને તેની નીચે પૂછેલા પ્રશ્નોના જવાબ લખવાના રહેશે.<br>• એકબીજાના વિકલ્પે પ્રશ્ન પુછાશે. | | |
| 3 | એકમ–3 | નિપાત અને તેના પ્રકાર<br>• પરીક્ષામાં દસ વાક્યો પુછાશે. ગમે તે આઠ વાક્યોમાંથી નિપાત ઓળખાવી તેના પ્રકાર લખવાના રહેશે. | | |


સંદર્ભગ્રંથો :

૧. ગુજરાતી નવલકથા – રઘુવીર ચૌધરી

૨. નવલકથા : શિલ્પ અને સ્વરૂપ : નરેશ વેદ

| |
|---|
| ૩. ગુજરાતી કથાવિશ્વ: બાબુ દાવલપુરા<br>૪. ભાષા પરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ : જયંત કોઠારી<br>૫. ગુજરાતી વિષયવસ્તુ : પ્રિ.નટુભાઈ રાવલ<br>૬. ગુજરાતી વ્યાવહારિક વ્યાકરણ : અરવિંદ ભાંડારી<br>૭. કથાસર્જક વીનેશ અંતાણી : એક અભ્યાસ (શોધનિબંધ)– ડૉ. ચંદ્રેશ બારોટ |

# HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**EFFECTIVE FROM JUNE 2023-24 UNDER NEP**

**PROGRAMME CODE : ARTUG101**
**COURSE CODE : AR23IKSGUJ105**
**SEMESTER : 01**
**COURSE NAME : ભારતીય જ્ઞાનપરંપરા – ૧**

નિયત કૃતિ : 'ગીતા પ્રવચનો'– વિનોબા ભાવે

પ્રકાશક :યજ્ઞ પ્રકાશન-વડોદરા

| | | |
|---|---|---|
| Total Credits : 02 ( 02 Period/Week ) | Theory | External – 25 Marks |
| | | Internal – 25 Marks |

**Course Outcome : ( હેતુઓ )**

વિદ્યાર્થીઓ

- ભારતીય સંસ્કૃતિના જ્ઞાન વારસાથી પરિચિત થાય.
- ભારતીય તત્ત્વજ્ઞાનના શિખર સમાન શ્રીમદ્ભગવદગીતાથી પરિચિત થાય.
- ભૂદાન યજ્ઞના પ્રણેતા વિનોબા ભાવેના જીવન કાર્ય અને સાહિત્યનો પરિચય મેળવે.

| અ.નં. | એકમ | | ક્રેડિટ | કલાક |
|---|---|---|---|---|
| ૧ | એકમ–૧ | ૧. વ્યક્તિવિશેષ વિનોબા ભાવેના જીવનની ઝાંખી<br>૨. સર્જકનું સાહિત્યિક પ્રદાન | 2 | અઠવાડિક બે કલાક |
| ૨ | એકમ–૨ | નિયત કૃતિનો આસ્વાદમૂલક પરિચય<br>**(અધ્યાય ૧ થી ૧૧** પાઠ્યક્રમમાં નિયત કરવામાં આવે છે.)<br>(આંતરિક વિકલ્પ સાથે) | | |
| 3 | એકમ–3 | કૃતિલક્ષી ટૂંકનોંધો | | |


સંદર્ભગ્રંથો :

૧. ગીતામૃતમ : પાંડુરંગ શાસ્ત્રી, ભાવનિર્ઝર-અમદાવાદ

૨. સ્વામી વિવેકાનંદ ગ્રંથમાળા સંચયન, રામકૃષ્ણ મિશન-રાજકોટ

3. ગીતા અને આપણા પ્રશ્નો – સ્વામી સચ્ચિદાનંદ, ગૂર્જર પ્રકાશન-અમદાવાદ

૪. ગીતાઈ ચિંતનિકા – વિનોબા, યજ્ઞ પ્રકાશન-વડોદરા

# HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**EFFECTIVE FROM JUNE 2023-24 UNDER NEP**

**PROGRAMME CODE : ARTUG101**
**COURSE CODE : AR23IKSGUJ105A**
**SEMESTER : 01**
**COURSE NAME : ભારતીય જ્ઞાનપરંપરા – ૨**

**નિયત કૃતિ : : 'આપણે અને સમાજ'– સ્વામી સચ્ચિદાનંદ**

**પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય-અમદાવાદ**

<table>
<tr><td rowspan="2">Total Credits : 02 ( 02 Period/Week )</td><td rowspan="2">Theory</td><td>External – 25 Marks</td></tr>
<tr><td>Internal – 25 Marks</td></tr>
</table>

**Course Outcome : ( હેતુઓ )**

વિધાર્થીઓ

- ભારતીય સંસ્કૃતિના જ્ઞાન વારસાથી પરિચિત થાય.
- શિક્ષક, સાહિત્યકાર, સંત, ડૉકટર, વૈજ્ઞાનિક અને સંસ્થાનું સમાજ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ સમજે.
- સ્વામી સચ્ચિદાનંદજીના જીવન, સમાજ, ધર્મ અને સંસ્કૃતિ વિષયક અભિગમને જાણે.

<table>
<tr><td>અ.નં.</td><td>એકમ</td><td></td><td>ક્રેડિટ</td><td>કલાક</td></tr>
<tr><td>૧</td><td>એકમ– ૧</td><td>૧. વ્યક્તિવિશેષ સ્વામી સચ્ચિદાનંદના જીવનની ઝાંખી<br>૨. સર્જકનું સાહિત્યિક પ્રદાન</td><td rowspan="3">2</td><td rowspan="3">અઠવાડિક બે કલાક</td></tr>
<tr><td>૨</td><td>એકમ– ૨</td><td>નિયત કૃતિનો આસ્વાદમૂલક પરિચય<br>(આંતરિક વિકલ્પ સાથે)</td></tr>
<tr><td>3</td><td>એકમ– 3</td><td>કૃતિલક્ષી ટૂંકનોંધો</td></tr>
<tr><td colspan="5">સંદર્ભગ્રંથો :<br>૧. માનવ સમાજ અને નૈતિક મૂલ્યો:ડો.ધર્મિષ્ઠા હ.ગોહિલ,આર.આર.શેઠ પ્રકાશન-અમદાવાદ<br>૨. સાહિત્યનો સામાજિક સંદર્ભ : આલોક ગુપ્તા, પાર્શ્વ પ્રકાશન-અમદાવાદ<br>3. સાહિત્ય સમાજનો આયનો : મીનળ દવે, અરુણોદય પ્રકાશન-અમદાવાદ</td></tr>
</table>

# HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**EFFECTIVE FROM JUNE 2023-24 UNDER NEP**

**PROGRAMME CODE : ARTUG101**
**COURSE CODE : AR23IKSGUJ105B**
**SEMESTER : 01**
**COURSE NAME : ભારતીય જ્ઞાનપરંપરા – 3**

**નિયત કૃતિ** : 'તત્ત્વમસિ'– ધ્રુવ ભટ્ટ

**પ્રકાશક** : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય-અમદાવાદ

| Total Credits : 02 ( 02 Period/Week ) | Theory | External – 25 Marks |
|---|---|---|
| | | Internal – 25 Marks |

વિદ્યાર્થીઓ

- ભારતીય સંસ્કૃતિના જ્ઞાન વારસાથી પરિચિત થાય.
- ગુજરાતની જીવાદોરી લોકમાતા નર્મદાનો મહિમા જાણે.
- નદી કિનારાની સંસ્કૃતિ, સભ્યતાનો પરિચય મેળવે.

| અ.નં. | એકમ | | ક્રેડિટ | કલાક |
|---|---|---|---|---|
| ૧ | એકમ–૧ | ૧. સર્જક ધ્રુવ ભટ્ટના જીવનની ઝાંખી<br>૨. સર્જકનું સાહિત્યિક પ્રદાન | 2 | અઠવાડિક બે કલાક |
| ૨ | એકમ–૨ | નિયત કૃતિનો આસ્વાદમૂલક પરિચય<br>(આંતરિક વિકલ્પ સાથે) | | |
| 3 | એકમ–3 | કૃતિલક્ષી ટૂંકનોંધો | | |


સંદર્ભગ્રંથો :

1. ગુજરાતી નવલકથા : રઘુવીર ચૌધરી
2. નવલકથા : પ્રવીણ દરજી, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ-અમદાવાદ
3. નવલકથા : શિરીષ પંચાલ, અરુણોદય પ્રકાશન-અમદાવાદ
4. કથાવિશ્વ : બાબુ દાવલપુરા અને નરેશ વેદ, પાર્શ્વ પબ્લિકેશન્સ-અમદાવાદ

## HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**EFFECTIVE FROM JUNE 2023-24 UNDER NEP**

**PROGRAMME CODE : ARTUG101**
**COURSE CODE : AR23IKSGUJ105C**
**SEMESTER : 01**

**ભારતીય જ્ઞાનપરંપરા – ૪**

**નિયત કૃતિ :** ‘માધવ ક્યાંય નથી’– હરીન્દ્ર દવે

**પ્રકાશક :** પ્રવીણ પ્રકાશન-રાજકોટ

| Total Credits : 02 ( 02 Period/Week ) | Theory | External – 25 Marks<br>Internal – 25 Marks |
|---|---|---|

**Course Outcome : ( હેતુઓ**

વિદ્યાર્થીઓ

- ભારતીય સંસ્કૃતિના જ્ઞાન વારસાથી પરિચિત થાય.
- નવલકથા સ્વરૂપમાં નિરૂપિત શ્રીકૃષ્ણના ચરિત્રને જાણે.
- શ્રીકૃષ્ણ ચરિત્ર આલેખતા શ્રીમદભાગવત જેવા ગ્રંથો તથા અન્ય કૃષ્ણ ચરિત્ર વિષયક નવલકથાઓ વાંચવા પ્રેરાય.

| અ.નં. | એકમ | | ક્રેડિટ | કલાક |
|---|---|---|---|---|
| ૧ | એકમ– ૧ | ૧. સર્જક હરીન્દ્ર દવેના જીવનની ઝાંખી<br>૨. સર્જકનું સાહિત્યિક પ્રદાન | 2 | અઠવાડિક બે કલાક |
| ૨ | એકમ– ૨ | નિયત કૃતિનો આસ્વાદમૂલક પરિચય<br>(આંતરિક વિકલ્પ સાથે) | | |
| 3 | એકમ– 3 | કૃતિલક્ષી ટૂંકનોંધો | | |

સંદર્ભગ્રંથો :


1. ગુજરાતી નવલકથા : રઘુવીર ચૌધરી
2. નવલકથા : પ્રવીણ દરજી, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ-અમદાવાદ
3. નવલકથા : શિરીષ પંચાલ, અરુણોદય પ્રકાશન-અમદાવાદ
4. કથાવિશ્વ : બાબુ દાવલપુરા અને નરેશ વેદ, પાર્શ્વ પબ્લિકેશન્સ-અમદાવાદ
5. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગુજરાતી સાહિત્ય પરિષદ-અમદાવાદ
6. માધવ ક્યાંય નથી(આસ્વાદ અને અવબોધ), આદર્શ પ્રકાશન-અમદાવાદ
7. હરીન્દ્ર દવેની સાહિત્યસિદ્ધિ : અંજની મહેતા, આદર્શ પ્રકાશન-અમદાવાદ
   ‘માધવ ક્યાંય નથી’ કૃતિમાં વ્યક્ત થતું પુરાકલ્પન: આરતી એસ. સોની, સાહિત્યસેતુ, મે-જૂન ૨૦૧૬

## HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**EFFECTIVE FROM JUNE 2023-24 UNDER NEP**

**PROGRAMME CODE : ARTUG101**
**COURSE CODE : AR23SECGUJ106**
**SEMESTER : 01**
**COURSE NAME : ભાષા સજ્જતા અને લેખન કૌશલ –૧**

| Total Credits : 02 ( 02 Period/Week ) | Theory | External – 25 Marks |
|---|---|---|
| | | Internal – 25 Marks |

**Course Outcome : ( હેતુઓ )**

**વિદ્યાર્થીઓ –**

- માતૃભાષા સાથે નિસબત કેળવે.
- લેખન કૌશલ વિકસાવે.
- ગુજરાતી ભાષાના વ્યાવહારિક લેખન તરફ અભિમુખ બને.
- સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સક્ષમ બને.
- કલ્પનાશક્તિ વિકસાવે.

| અ.નં. | એકમ | | ક્રેડિટ | કલાક |
|---|---|---|---|---|
| ૧ | એકમ–૧ | સાંપ્રત નિબંધો ( ચારમાંથી એક )<br>* નિબંધનાવિષયોનું ફલક આ પ્રમાણે રહેશે :<br>૧. કુદરતી આફતો – હોનારતો<br>૨. પ્રકૃતિસૌંદર્ય<br>૩. શિક્ષણવિષયક<br>૪. વર્તમાન સમસ્યાઓ<br>૫. કાલ્પનિક | 2 | અઠવાડિક બે કલાક |
| ૨ | એકમ–૨ | જોડણીશુદ્ધિ<br>• નિયત કરેલા શબ્દોમાંથી વીસ શબ્દો પુછાશે. કોઈ પણ સત્તર શબ્દોની સાચી જોડણી લખવાની રહેશે. ( જુઓ,પરિશિષ્ટ) | | |
| 3 | એકમ–3 | રૂઢિપ્રયોગો<br>• નિયત કરેલા રૂઢિપ્રયોગોમાંથી બાર પુછાશે.કોઇ પણ નવના અર્થ લખી તેનો વાક્યમાં પ્રયોગ કરવાનો રહેશે. ( જુઓ,પરિશિષ્ટ ) | | |
| સંદર્ભગ્રંથો :<br>૧. ભાષા સજ્જતા અને લેખન કૌશલ : ડૉ. યોગેન્દ્ર વ્યાસ, પાર્શ્વપબ્લિકેશન્સ-અમદાવાદ<br>૨. સાહિત્યાયન : બાબુ દાવલપુરા, પાર્શ્વપબ્લિકેશન્સ-અમદાવાદ | | | | |

૩. ગુજરાતી શબ્દાર્થકોશ: યોગેન્દ્ર વ્યાસ ( અરુણોદય )
૪. સાર્થ ગુજરાતી જોડણીકોશ : ( ગૂજરાત વિદ્યાપીઠ )
૫. ગુજરાતીનું વિષયવસ્તુ : નટુભાઈ રાવલ ( નીરવ )
૬. રૂઢિપ્રયોગો,કહેવતો અને છંદ –અલંકાર : પ્રસાદ બ્રહ્મભટ્ટ ( પાર્શ્વ )
૭. અપઠિત,લેખન કૌશલ અને પરિશીલન: નીતિન વડગામા
૮. વિદ્યાર્થી જોડણીકોશ: સં. કનૈયાલાલ જોશી ( કુસુમ )
૯. વ્યવહારભાષા,અરજીલેખન અને પત્રલેખન : પ્રસાદ બ્રહ્મભટ્ટ
૧૦. ગુજરાતી વ્યાવહારિક વ્યાકરણ : અરવિંદ ભાંડારી ( અરુણોદય )
૧૧. ગુજરાતી લેખન : નિયતિ અંતાણી ( અરુણોદય )

| અ.નં. | ખોટી જોડણી | સાચી જોડણી | અ.નં. | ખોટી જોડણી | સાચી જોડણી |
|---|---|---|---|---|---|
| 1. | અગત્યતા | અગત્ય | 26. | ખૂશનુમા | ખુશનુમા |
| 2. | અદ્વીતીય | અદ્વિતીય | 27. | ખૂશમીજાજ | ખુશમિજાજ |
| 3. | અદ્ભૂત | અદ્ભુત | 28. | ખૂશબો | ખુશબો |
| 4. | અનુકુલ | અનુકૂલ | 29. | ખુબસુરત | ખૂબસૂરત |
| 5. | આત્મપ્રસંશા | આત્મપ્રશંસા | 30. | ગીર્દી | ગિરદી |
| 6. | આદરણિય | આદરણીય | 31. | ગુફ્તુગો | ગુફ્તેગો |
| 7. | આપવિતિ | આપવીતી | 32. | ગૃહશાંતી | ગ્રહશાંતિ |
| 8. | આશિર્વાદ | આશીર્વાદ | 33. | ચીત્રવીચીત્ર | ચિત્રવિચિત્ર |
| 9. | આલ્હાદક | આહ્લાદક | 34. | ચીમરાવવું | ચિમળાવવું |
| 10. | ઉમેળવું | ઉમેરવું | 35. | ચીરંજિવિની | ચિરંજીવિની |
| 11. | ઉજળું | ઊજળું | 36. | ચુંથાચૂંથ | ચૂંથાચૂંથ |
| 12. | ઉર્ધ્વગામી | ઊર્ધ્વગામી | 37. | જનમટીપ | જન્મટીપ |
| 13. | ઉહાપોહા | ઊહાપોહ | 38. | જયંતિ | જયંતી |
| 14. | એક્ટિસે | એકીટશે | 39. | ર્જજરીત | જર્જરિત |
| 15. | ઉપચારિક | ઔપચારિક | 40. | જીંદગી | જિંદગી |
| 16. | કળચરિયાળું | કરચળિયાળું | 41. | જીલ્લો | જિલ્લો |
| 17. | કલુસિત | કલુષિત | 42. | જીંદાદીલી | ઝિંદાદિલી |
| 18. | કવિયત્રી | કવયિત્રી | 43. | ડાગડુગી | ડાઘાડૂઘી |
| 19. | કારકીર્દી | કારકિર્દી | 44. | તળવળાટ | તરવરાટ |
| 20. | કિવંદતી | કિંવદંતી | 45. | તસ્વીર | તસવીર |
| 21. | કિમિયાગર | કીમિયાગર | 46. | તારિખિયું | તારીખિયું |
| 22. | કૂતૂહલ | કુતૂહલ | 47. | દુબરૂં | દૂબળું |
| 23. | ખાત્રી | ખાતરી | 48. | ધણીધણિયાણી | ધણીધણીયાણી |
| 24. | ખીચોખિચ | ખીચોખીચ | 49. | ધર્મીષ્ઠ | ધર્મિષ્ઠ |
| 25. | ખિસ્સાકાત્રુ | ખીસાકાતરુ | 50. | નિમણુંક | નિમણૂક |

| અ.નં. | ખોટી જોડણી | સાચી જોડણી | અ.નં. | ખોટી જોડણી | સાચી જોડણી |
|---|---|---|---|---|---|
| 51. | નૂકશાન | નુકસાન | 77. | વીશ્લીષ્ઠ | વિશ્લિષ્ટ |
| 52. | નૂખસો | નુસખો | 78. | વિજળી | વીજળી |
| 53. | પત્રકારિત્વ | પત્રકારત્વ | 79. | વિશ્વાસનીય | વિશ્વસનીય |
| 54. | પરબિડીયું | પરબીડિયું | 80. | સહાનુભૂતી | સહાનુભૂતિ |
| 55. | પરાકાષ્ટા | પરાકાષ્ઠા | 81. | શારીરીક | શારીરિક |
| 56. | પરીચીત | પરિચિત | 82. | શિર્ષક | શીર્ષક |
| 57. | પરીણીત | પરિણીત | 83. | શીથીલ | શિથિલ |
| 58. | પરીસ્થીતી | પરિસ્થિતિ | 84. | સુશ્રુસા | શુશ્રૂષા શુશ્રૂષા |
| 59. | પાશ્ચમાત્ય | પાશ્ચાત્ય | 85. | શુધબુધ | સૂધબૂ |
| 60. | પુરષ્કાર | પુરસ્કાર | 86. | હરિફાઈ | હરીફાઈ |
| 61. | પ્રતિતિ | પ્રતીતિ | 87. | હૂતાસની | હૂતાશની |
| 62. | ફળિભુત | ફળીભૂત | 88. | હૂંસાતુશી | હુંસાતુંશી |
| 63. | બહીસ્કાર | બહિષ્કાર | 89. | હુંડીયામણ | હૂંડિયામણ |
| 64. | ભૂલભૂલામણી | ભુલભુલામણી | 90. | પરીચારિકા | પરિચારિકા |
| 65. | મીનીટ | મિનિટ | 91. | પુર્ણિમા | પૂર્ણિમા |
| 66. | મુંઝવણ | મૂંઝવણ | 92. | પ્રતીનિધી | પ્રતિનિધિ |
| 67. | મૂર્હુત | મુહૂર્ત | 93. | અભીમન્યૂ | અભિમન્યુ |
| 68. | યુધીસ્થિર | યુધિષ્ઠિર | 94. | વ્રુસકેતૂ | વૃષકેતુ |
| 69. | રૂસવત | રુશવત | 95. | ભૂરીસવા | ભૂરિશ્રવા |
| 70. | રેલ્વે | રેલવે | 96. | કતર્વમા | કૃતવર્મા |
| 71. | લીખીત | લિખિત | 97. | અશ્વથ્થમા | અશ્વત્થામા |
| 72. | લીખીતંગ | લિખિતંગ | 98. | શૂભૂટ | સુભટ |
| 73. | વસિકરણ | વશીકરણ | 99. | પૃથવિ | પૃથ્વી |
| 74. | વસ્તી | વસતિ | 100. | સંભારીઆ | સંભારિયા |
| 75. | વીનીમય | વિનિમય | 101. | વિદ્યાર્થીની | વિદ્યાર્થિની |
| 76. | વીપરિત | વિપરીત | 102. | પીત્રાઈ | પિતરાઈ |

| અ.નં. | ખોટી જોડણી | સાચી જોડણી | અ.નં. | ખોટી જોડણી | સાચી જોડણી |
|---|---|---|---|---|---|
| 103. | સમગ્રામ | સંગ્રામ | 107. | ચંદબીંબ | ચંદ્રબિંબ |
| 104. | શપર્ણી | સર્પિણ | 108. | પરસન્ન | પ્રસન્ન |
| 105. | કેશરિ | કેસરી | 109. | પૂરૂશ | પુરુષ |
| 106. | દાજ | દાઝ | 110. | ઇંદૂ | ઈંદુ |

# રૂઢિપ્રયોગો

(1) ઓછું આવવું - માઠું લાગવું.
વાક્ય : પુત્રના ઉદ્ધત વર્તનથી પિતાનો ઓછું આવ્યું.

(2) માંડી વાળવું - જતું કરવું.
વાક્ય : ઉમેશે અમેરિકા ભણવા જવાનો વિચાર માંડી વાળ્યો.

(3) હૈયું કઠણ કરવું - મન મક્કમ રાખવું.
વાક્ય : હૈયું કઠણ કરીને તેમણે પોતાના પુત્રને વિદેશ મોકલ્યો.

(4) પગ ભાંગી જવા - નાસીપાસ થઈ જવું.
વાક્ય : યુવાન દીકરાનું અવસાન થતાં પિતાના પગ ભાંગી ગયા.

(5) ધૂળ ખંખેરી નાખવી - ખૂબ ધમકાવી નાખવું.
વાક્ય : શેઠે નોકરની ધૂળ ખંખેરી નાખી એટલે તે નોકરી છોડીને જતો રહ્યો.

હવે આપણે કેટલાક રૂઢિપ્રયોગો અને તેમના અર્થ જોઈશું. તેમનો વાક્યમાં પ્રયોગ કરીશું.

(1) રવાના કરવું - વિદાય આપવી.
માથે પડેલા મહેમાનોને સમજાવી પતાવી રવાના કર્યા.

(2) દાવમાં લેવું - બરાબર સકંજામાં લેવું, ફસાવવું.
કારગીલ યુદ્ધમાં પાકિસ્તાનનાં જવાનોને ભારતની સેનાએ દાવમાં લીધા.

(3) હાડહાડ કરવું - ધુત્કારી કાઢવું.
બારણે આવેલા અતિથિને હાડહાડ કરવું યોગ્ય ન કહેવાય.

(4) વાત કાપવી - વિરોધ કરવો.
કેટલાક રાજકારણીઓને અધિકારીઓની વાત કાપવાની આદત છે.

(5) હૈયામાં ધ્રાસકો પડવો - ડરી જવું, બીક લાગવી.
પ્લેન હાઈજેક થવાના સમાચારથી પ્રવાસીઓના સગાસંબંધીઓના હૈયામાં ધ્રાસકો પડ્યો.

(6) ગંધ આવવી - શંકા પડવી, અણસાર આવી જવો.
આતંકવાદીઓની પ્રવૃત્તિઓની પોલીસને ગંધ આવી ગઈ.

(7) છાતીએથી અળગા ન કરવું - હંમેશાં પોતાની સાથે જ રાખવું.
નવજાત શિશુને માતા છાતીએથી અળગા કરતી નથી.

(8) હરખપદૂડાં થઈ જવું - હરખઘેલા થઈ જવું.
જમાઈને અચાનક આવેલા જોઈને સાસરાપક્ષવાળાં હરખપદૂડાં થઈ ગયાં.

(9) મનનો ડૂમો કાઢી નાખવો - મનમાં ઘૂંટાતું દુઃખ પ્રગટ કરવું.
પિયરે આવીને દીકરીએ પોતાના મનનો ડૂમો કાઢી નાખ્યો.

(10) હૈયું ભરાઈ આવવું - દુઃખથી રડવા જેવું થઈ જવું.
વિદેશ જતાં પોતાના દીકરાને વિદાય આપતા માતાનું હૈયું ભરાઈ આવ્યું હતું.

(11) સમસમી જવું - મનમાં ધૂંધવાઈ રહેવું, ગુસ્સો દબાવી રાખવો.
ઉપરી અધિકારીએ બધાની સામે ખખડાવી નાખતા કર્મચારી સમસમી ગયો.

(12) આંખો વરસવી - આંસુ ટપકવાં, રડવા લાગી જવું.
વિદેશ ગયેલા પતિના સમાચાર નહીં મળતા, પત્ની આંખો વરસાવી રહી હતી.

(13) કમાતાધમાતા હોવું - સારી કમાણી થવી.
ખેડૂતો જ્યારથી હીરાનાં ધંધામાં આવ્યા છે ત્યારથી કમાતાધમાતા થયા છે.

(14) તરંગે ચડી જવું - વિચારમગ્ન થઈ જવું.
ધુની વ્યક્તિઓ ગમે ત્યારે તરંગે ચડી જાય છે.

(15) આંખ મીચાવી - મૃત્યુ પામવું.
કોઈ પણ વ્યક્તિએ આંખ મીચાય તે પહેલાં વસિયતનામું કરી લેવું જોઈએ.

(16) ઊંઘ ઊડી જવી - ખૂબ જ ચિંતામાં નિદ્રા ઉડી જવી.
વરસાદ વધુ સમય ખેંચાતાં ખેડૂતોની ઊંઘ ઊડી ગઈ હતી.

(17) મગજ પર ભાર જણાવો - મનમાં ચિંતાનો બોજ હોવો.
બૉર્ડની પરીક્ષા નજીક આવતા વિદ્યાર્થીનાં મગજ પર ભાર જણાતો હતો.

(18) વારી જવું - ફિદા થઈ જવું.
કલાકારની અદાથી પ્રેક્ષકો વારી ગયા.

(19) કાને વાત પહોંચવી - ખબર મળવી, જાણ થવી.
ખબરી દ્વારા પોલીસને ગુનેગારની દરેક વાત કાને પહોંચતી હતી.

(20) ખાંડની ધારે ચાલવું - ખૂબ કપરા માર્ગે જવું.
પ્રેમલગ્ન એ ખાંડની ધારે ચાલવા જેવું છે.

(21) ઠેસ વાગવી - ભૂલ કે પાપ કર્યાની ચેતવણી મળવી.
ધોરણ - 10 માં ઠેસ વાગી હતી તેમ છતાં ધોરણ - 12 માં મહેનત કેમ નથી કરતો ?

(22) ગરજ સરવી - જરૂરિયાત પૂરી થવી.
ગરજ સરી ગયા પછી સંબંધી અને મિત્રો નજર ફેરવે છે.

(23) ગાડું ગબડવું - ગમે તે ભોગે નભી જવું, ધંધો ચાલવો.
અત્યારની હાઈટેક સિસ્ટમનો ઉપયોગ નહીં કરતાં વહેપારીઓનું માંડ માંડ ગાડું ગબડતું હોય છે.

(24) ગાંઠનો ખીચડો ખાવો - પોતાની જમા મૂડી વાપરવી.
શેરબજારમાં સટ્ટો કરવામાં મનહરભાઈએ ગાંઠનો ખીચડો ખાધો.

(25) બાજી ધૂળમાં મેળવવી - યોજના નિષ્ફળ બનાવવી.
કારગીલમાં દુશ્મનોને ખદેડ્યાં એટલે પાકિસ્તાનની બાજી ધૂળમાં મળી ગઈ.

(26) હાથ ધોઈ નાખવા - આશા છોડી દેવી.
બૅન્ક કૌભાંડને કારણે ઘણા થાપણદારોએ પોતાની મૂડીથી હાથ ધોઈ નાખ્યા.

(27) મોં લાલ રાખવું - પરાણે આબરૂ જાળવી.
તેલગીકાંડમાં કમીશનરની ધરપકડ કરી મહારાષ્ટ્ર પોલીસે મોં લાલ રાખ્યું.

(28) વખ ઘોળવાં - વિષપાન કરવું, સંબંધમાં કડવાશ આણવી.
લેણદારોનું ખૂબ જ દબાણ થતાં મગનભાઈએ વખ ઘોળ્યું.

(29) રંગમાં ભંગ પડવો - મજાના વાતાવરણમાં વિઘ્ન આવવું.
કલકત્તાની ક્રીકેટ મેચમાં વરસાદે રંગમાં ભંગ પાડ્યો.

(30) સંઘ કાશીએ પહોંચવો - કામ પાર પાડવું.
વાહનની સ્થિતિ જોતાં એમ નથી લાગતું કે આ સંઘ કાશીએ પહોંચશે.

(31) હોળીનું નાળિયેર બનવું - ખરાબ કામ કરવામાં સાધન બનવું.
કાશ્મીરી યુવકોને હોળીનું નાળિયેર બનાવી આતંકવાદી બનાવવાનું ષડ્યંત્ર પકડાઈ ગયું.

(32) પગ ન ઉપડવા - હિંમત ન ચાલવી.
સત્યનો માર્ગ મળી ગયા પછી ખોટા માર્ગે પગ ઉપડતો નથી.

(33) જીવ બળી જવો - ઈર્ષાથી દુઃખી દુઃખી થઈ જવું.
કરિશ્મા કપુરનાં લગ્ન થવાથી ઘણા લગ્નોત્સુક યુવકોનો જીવ બળી ગયો.

(34) છઠ્ઠીનું ધાવણ યાદ કરાવવું - મરણતોલ માર મારવો.
ચોરને [illegible]સે માર મારીને છઠ્ઠીનું ધાવણ યાદ કરાવી દીધું.

(35) બાજી કથળવી - પ્રતિકૂળ સ્થિતિ થવી.
ધંધામાં વેપારીએ લાખો રૂપિયાનું રોકાણ કર્યું પણ બાજી કથળી ગઈ અને દેવાળું ફૂંકવું પડ્યું.

(36) પૃથ્વી રસાતાળ જવી - ભયંકર સંકટ તૂટી પડવું.
ધર્મ પર અધર્મનો વિજય થાય તો પૃથ્વી રસાતળ જાય.

(37) ખો ભૂલી જવી - જિંદગીભર યાદ રહે તેવો પાઠ શીખવવો.
કારગીલમાં ભારતે દુશ્મનને એવો માર માર્યો છે કે તે હવે ખો ભૂલી જશે.

(38) ફરી વળવું - ચારે બાજુથી ઘેરી લેવું, મેળવી લેવું.
ચોરે ઘરમાંની દરેક તિજોરીમાં હાથ ફેરવી લીધો છે.

(39) વખના માર્યા - મુસીબતમાં મુકાયેલા
સતત ચોથા વર્ષે પણ દુષ્કાળ આવતા ખેડૂતો વખના માર્યા ગામમાંથી ઉચાળા ભર્યા.

(40) કૂવો હવાડો કરવો - કોઈ જળાશયમાં ડૂબીને આત્મહત્યા કરવી.
વડીલો તરફથી વિરોધ થતા પ્રેમીપંખીડાએ કૂવો હવાડો કર્યો.

(41) કરમ ફૂટેલાં હોવા - નસીબ ખરાબ હોવાં.
સદ્દામ હુસેનનાં કરમ ફૂટેલાં હશે એટલે અત્યારે રઝળપાટનો વખત આવ્યો છે.

(42) આંખ ઉઘડવી - સાચી હકીકતનું ભાન થવું.
સમાચાર સાંભળ્યાં પછી તેમની આંખ ઉઘડી.

(43) એક પંથ દો કાજ - એકી સાથે બે કામ પાર પાડવાં.
રામે શિવધનુષ તોડી, સીતા સાથે લગ્ન કરીને એક પંથ દો કાજ જેવું કર્યું.

(44) ખબર લઈ નાખવી - ધમકાવવું.
કર્મચારીની ભૂલને કારણે અધિકારીએ તેની ખબર લઈ નાખી.

(45) ઘર માંડવું - લગ્ન કરવાં.
આખરે અક્ષયકુમારે ઘર માંડ્યું.

(46) ખોળો પાથરવો - કરગરવું, કાકલૂદી કરવી.
ડાકુઓથી પોતાના બાળકને બચાવવા માતાએ ખોળો પાથર્યો.

(47) કાન દેવા - ધ્યાનથી સાંભળવું.
પહેલાં વિદેશથી આવતા ફોન કાન દઈને સાંભળવાં પડતા.

(48) પીઠ દેવી - વિદાય થવું, છૂટા થવું.
જેવી શિક્ષકે પીઠ દીધી, વિદ્યાર્થીઓએ ઘોંઘાટ શરૂ કર્યો.

(49) ચિત્ત ચિરાવું - તીવ્ર વેદના થવી.
પુત્રના અકાળે અવસાન થવાથી મારું ચિત્ત ચિરાઈ ગયું.

(50) ગરદન કાપવી - વિશ્વાસઘાત કરવો.
જે મિત્ર પર આપણે ભરોસો રાખીએ છીએ, એ જ કેટલીક વાર આપણી ગરદન કાપે છે.

(51) તારાજ થઈ જવું - પાયમાલ થઈ જવું.
ભૂકંપથી ભુજ તારાજ થઈ ગયું.

(52) હિજરત કરવી - સ્થળ છોડીને ચાલ્યા જવું.
ભૂકંપ થવાથી ગામના લોકો હિજરત કરી ગયા.

(53) ફોડી લેવું - સંભાળી લેવું.
તમે માની ચિંતા ન કરશો, હું ફોડી લઈશ.

(54) ગળથૂથીમાં મળવું - છેક બાળપણથી પ્રાપ્ત થવું.
તેને સંગીત ગળથૂથીમાંથી મળ્યું છે.

(55) તલપાપડ થઈ જવું - આતુર થઈ જવું.
રમેશ તેનું પરિણામ જાણવા તલપાપડ થઈ રહ્યો છે.

(56) ભીંત ભૂલવી - માર્ગ ચૂકી જવો.
આ નોકરી મેળવીને તમે ભીંત ભૂલ્યાં છો.

(57) હાથા થવું - ખોટા કામમાં સાથ આપવો.
પરીક્ષામાં ચોરી કરવા તેણે મારી મદદ માગી પણ હું તેનો હાથો ન બન્યો.

(58) ઢંઢેરો પિટાવવો - છાની વાત જાહેર કરવી.
નીલેશે ઢંઢેરો પીટાવ્યો કે તેના મિત્રે દેવાળું કાઢ્યું છે.

(59) ધોખો લાગવો - ગુસ્સે થવું.
સુરેશને લગ્નમાં બોલાવવાથી તેણે એ વાતને ધોખો કર્યો.

(60) બેડો પાર થઈ જવો - સફળ થવું.
આ વખતે તેનો પરીક્ષામાં બેડો પાર થઈ ગયો.

(61) પ્રાણ પાથરવા - સર્વસ્વ અર્પણ કરવું.
ભક્ત ભગવાન માટે પ્રાણ પાથરે છે.

(62) લોહીનું પાણી કરવું - ખૂબ મહેનત કરવી.
પરીક્ષામાં પાસ થવા માટે પૂર્વીએ લોહીનું પાણી કર્યું છે.

(63) એક પગે થઈ રહેવું - ખડે પગે તત્પર રહેવું.
મૌસમીના લગ્નની તૈયારીમાં તન્વી એક પગે થઈ રહી હતી.

(64) ઈકોતેર પેઢી તારવી - કુળનું નામ રોશન કરવું.
પુત્ર સુપુત્ર હોય તો તે કુટુંબની ઈકોતેર પેઢી તારે છે.

(65) આંખે અંધારા આવવાં - ભાન ગુમાવવું.
સમાધિને મરણનું દશ્ય જોઈને આંખે અંધારા આવ્યાં.

(66) બારે મેઘ વરસંવા - મુશળધાર વરસાદ થવો.
પૃથ્વીનો પ્રલય કરવા માગતા હોય તેમ બારે મેઘ વરસવા લાગ્યા.

(67) આંખ ફરકવી - કોઈ શુભ ઘટના બનવાની એંધાણી જણાવી.
ઊર્મિલાએ વિચાર્યું કે લક્ષ્મણ આજે જરૂર વનમાંથી પાછા ફરશે, કારણ
કે તેની ડાબી આંખ ફરકતી હતી.

(68) દાઝ લાગવી - ક્રોધ વ્યાપી જવો, ખૂબ ગુસ્સે થવું.
કન્યાએ માગું પાછું ઠેલ્યું તેથી મૂરતિયાને દાઝ લાગી ગઈ.

(69) એક રાસે કરવા - સમાન ગણવા.
ગાંધીજીએ હરિજનો અને સવર્ણોને એક રાસે કર્યા હતા.

(70) કાન દેવા - ધ્યાનથી સાંભળવું.
કોઈની ખાનગી વાત સાંભળવા કાન દેવા ન જોઈએ.

(71) ચિત્ત ચિરાવું - તીવ્ર વેદના થવી.
પુત્રના અકાળ અવસાનથી માનું ચિત્ત ચિરાઈ ગયું.

(72) પીઠ દેવી - વિદાય થવું, છૂટા પડવું.
જેવી શિક્ષકે પીઠ દીધી કે વિદ્યાર્થીઓ ઘોંઘાટ કરવા લાગ્યા.

(73) પનારો પડવો - કોઈની સાથે અણગમતો સંબંધ બાંધવાની ફરજ પડવી.
મંદોદરી જેવી પતિવ્રતા રાવણના પનારે પડી.

(74) મન માપવું - મનના ગુપ્ત ભાવ કળી જવા.
કેટલાક વ્યવહારકુશળ માણસો વાતવાતમાં સામી વ્યક્તિનું મન માપી લેતા હોય છે.

(75) કોઠે પડવું - ના થી ટેવાઈ જવું, સ્વાભાવિક બની જવું.
શેઠની રોજરોજની ટકટક નોકરને કોઠે પડી ગઈ.

(76) પોલ પિછાણવી - જુઠાણું પકડાઈ જવું, ઊણપ કે ખામીઓ જાણી જવી.
માર્ટિન લ્યુથરે ધર્મગુરુઓની પોલ પિછાણી અને તેમને ખુલ્લા પાડ્યા.

(77) ગરદન કાપવી - વિશ્વાસઘાત કરવો.
જે મિત્ર પર આપણે ભરોસો રાખીએ છીએ, એ જ કેટલીક વાર આપણી ગરદન કાપે છે.

(78) તલખી રહેવું - આતુરતાપૂર્વક રાહ જોવી.
ઊર્મિલા ચૌદ વર્ષ સુધી લક્ષ્મણના મિલન માટે તલખી રહી.

(79) તલવાર તાણવી - સામનો કરવો, ઝઝૂમવું.
'નર્મદે' વહેમ અને જડતા વિરુદ્ધ તલવાર તાણી હતી.

(80) પગની તળે હોવું - પોતાની પાસે હોવું.
જે સુખની આપણને તલાશ હોય એ કેટલીક વાર આપણા પગની તળે જ હોય છે એવું પણ બની શકે છે.

# HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**EFFECTIVE FROM JUNE 2023-24 UNDER NEP**

**PROGRAMME CODE : ARTUG101**
**COURSE CODE : AR23SECGUJ106A**
**SEMESTER : 01**
**COURSE NAME : વ્યવહારભાષા- ૧**

| | | |
|---|---|---|
| Total Credits : 02 ( 02 Period/Week ) | Theory | External – 25 Marks |
| | | Internal – 25 Marks |

**Course Outcome : ( હેતુઓ )**

**વિદ્યાર્થીઓ -**

- ગુજરાતી વ્યાવહારિક લેખન પ્રત્યે અભિમુખ બને.
- લેખન કૌશલ વિકસાવે.
- માતૃભાષામાં સજ્જતા કેળવે.
- સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સક્ષમ બને.
- માતૃભાષા સાથે નિસબત કેળવે.
- ગ્રહણશક્તિ,સમજશક્તિ અને કલ્પનાશક્તિ વિકસાવે.

| અ.નં. | એકમ | | ક્રેડિટ | કલાક |
|---|---|---|---|---|
| ૧ | એકમ–૧ | ગદ્યાર્થગ્રહણ<br>• ગદ્યખંડ વાંચીને તેની નીચે પૂછેલા પ્રશ્નોના ઉત્તર લખવાના રહેશે.<br>• એકબીજાના વિકલ્પે ગદ્યખંડ પુછાશે. | 2 | અઠવાડિક બે કલાક |
| ૨ | એકમ–૨ | અરજીલેખન<br>• નોકરી મેળવવા માટે અરજીપત્ર તૈયાર કરવાનો રહેશે.<br>• એકબીજાના વિકલ્પે પ્રશ્ન પુછાશે. | | |
| 3 | એકમ–3 | અહેવાલલેખન<br>• કૉલેજ અને યુનિવર્સિટીકક્ષાએ યોજાતા વિવિધ કાર્યક્રમો (જેમ કે,વાર્ષિકોત્સવ, શિક્ષકદિન,શ્રમશિબિર, યુવકમહોત્સવ,રમતોત્સવ વગેરે.) વિશે વિદ્યાર્થીએ અહેવાલ લખવાનો રહેશે.<br>• એકબીજાના વિકલ્પે પ્રશ્ન પુછાશે. | | |


સંદર્ભગ્રંથો :

૧. સાહિત્યાયન : બાબુ દાવલપુરા
૨. અપઠિત,લેખન કૌશલ અને પરિશીલન : નીતિન વડગામા
3. સાહિત્યનો આસ્વાદ : મણિલાલ હ. પટેલ

| |
|---|
| ૪. વ્યવહારભાષા,અરજીલેખનઅનેપત્રલેખન : પ્રસાદ બ્રહ્મભટ્ટ<br>૫. વૃત્તાંત નિવેદન અને અહેવાલ લેખન : ર.સાં. નાયક<br>૬. ગુજરાતી સાહિત્યનો જ્ઞાનસાગર : બી.એસ.પટેલ અને હાસ્યદાપંડ્યા<br>૭. રિપોર્ટિંગના સિદ્ધાંતો : યાસીન દલાલ<br>૮. ગુજરાતી લેખન : નિયતિ અંતાણી |

# HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**EFFECTIVE FROM JUNE 2023-24 UNDER NEP**

**PROGRAMME CODE : ARTUG101**
**COURSE CODE : AR23SECGUJ106B**
**SEMESTER : 01**

**COURSE NAME : અનુવાદકલા – ૧**

**નિયત કૃતિ :'પિંજર'–અમૃતા પ્રીતમ**

**અનુવાદક : શરીફા વીજળીવાળા**

**પ્રકાશક : અરુણોદય પ્રકાશન,અમદાવાદ**

| Total Credits : 02 ( 02 Period/Week ) | Theory | External – 25 Marks |
|---|---|---|
| | | Internal – 25 Marks |

**Course Outcome : ( હેતુઓ )**

**વિદ્યાર્થીઓ -**

- અનુવાદ વિશે સમજણ મેળવે.
- અનુવાદનું મહત્ત્વ સમજે.
- ગુજરાતી સિવાયની અન્ય ભારતીય ભાષાઓની કૃતિઓના સંપર્કમાં આવે.
- અનુવાદક બનવા માટે ક્ષમતા કેળવે.
- અનુવાદની કળા શીખે.

| અ.નં. | એકમ | | ક્રેડિટ | કલાક |
|---|---|---|---|---|
| ૧ | એકમ–૧ | ૧. અનુવાદનું સ્વરૂપ અને મહત્ત્વની વ્યાખ્યાઓ<br>૨. અનુવાદની આવશ્યકતા અને ઉપયોગિતા | 2 | અઠવાડિક બે કલાક |
| ૨ | એકમ–૨ | ' પિંજર' -અમૃતા પ્રીતમ (અનુવાદક –શરીફા વીજળીવાળા) કૃતિની આસ્વાદમૂલક સમીક્ષા<br>• કૃતિ આધારિત ટૂંક નોંધો | | |
| 3 | એકમ–3 | અનુવાદલેખન :<br>• ગુજરાતી ગદ્યખંડનો હિન્દી અનુવાદ<br>• હિન્દી ગદ્યખંડનો ગુજરાતી અનુવાદ | | |


સંદર્ભગ્રંથો :

૧. નિવેદન : અનિલા દલાલ
૨. અનુવાદ વિજ્ઞાન : મોહનભાઈ પટેલ
3. અનુવાદકળા : નવનીત મદ્રાસી
૪. અનુવાદની સમસ્યાઓ –એક સંગોષ્ઠિ : સં. મોહનભાઈ પટેલ
૫.અનુવાદ,આધુનિકતા અને સાહિત્યિક સંશોધન : બી.એસ.પટેલ

# HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**EFFECTIVE FROM JUNE 2023-24 UNDER NEP**

**PROGRAMME CODE : ARTUG101**
**COURSE CODE : AR23SECGUJ106C**
**SEMESTER : 01**
**COURSE NAME : સાહિત્યિક પત્રકારત્વ – ૧**

| Total Credits : 02 ( 02 Period/Week ) | Theory | External – 25 Marks |
|---|---|---|
| | | Internal – 25 Marks |

**Course Outcome : ( હેતુઓ )**

**વિદ્યાર્થીઓ -**

- સાહિત્યિક પત્રકારત્વનો પરિચય મેળવે.
- સાહિત્યિક પત્રકારત્વનું પ્રયોજન જાણે.
- વર્તમાનપત્રો અને સામયિકોના સાહિત્યિક પત્રકારત્વ વિશે જાણે.
- સાહિત્ય અને સમૂહમાધ્યમોનો આંતરસંબંધ સમજે.
- વ્યાવસાયિક સજ્જતા પ્રાપ્ત કરે.

| અ.નં. | એકમ | | ક્રેડિટ | કલાક |
|---|---|---|---|---|
| ૧ | એકમ–૧ | ૧. સાહિત્યિક પત્રકારત્વની વિભાવના<br>૨. સાહિત્યિક પત્રકારત્વનું પ્રયોજન | 2 | અઠવાડિક બે કલાક |
| ૨ | એકમ–૨ | સાહિત્યિક પત્રકારત્વ અને સામયિકો<br>સુધારકયુગ:<br>૧. દાંડિયો ૨. ગુજરાત શાળાપત્ર | | |
| ૪ | એકમ–૪ | અહેવાલલેખન<br>• સાહિત્યિક અને સમાજજીવનને સ્પર્શતી કોઈ ઘટના કે સમસ્યા વિશે અહેવાલ લખવાનો રહેશે.<br>• એકબીજાના વિકલ્પે પ્રશ્ન પુછાશે. | | |

સંદર્ભગ્રંથો :


૧. અને સાહિત્ય – સં.યશવંત ત્રિવેદી
૨. પત્રકારત્વ અને સાહિત્ય – સં.યશવંત ત્રિવેદી
૩. સંદર્ભ – સં.જયંત કોઠારી
૪. સાહિત્યરંગી પત્રકારત્વ – અમિતા ઠાકોર
૫. સામયિકોની સૃષ્ટિ – યાસીન દલાલ
૬. પત્રકારત્વના પ્રવાહો – વિષ્ણુ પંડ્યા

૭. સાહિત્ય અને પત્રકારત્વ – કુમારપાળ દેસાઇ
૮. સાહિત્યિક પત્રકારત્વ – કિશોર વ્યાસ
૯. સમૂહ માધ્યમો અને સાહિત્ય – પ્રીતિ શાહ
૧૦. પ્રકાંડ પત્રકારો – યાસીન દલાલ

## HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**EFFECTIVE FROM JUNE 2023-24 UNDER NEP**

**PROGRAMME CODE : ARTUG101**
**COURSE CODE : AR23SECGUJ106D**
**SEMESTER : 01**
**COURSE NAME : પ્રૂફરીડિંગ – ૧**

| Total Credits : 02 ( 02 Period/Week ) | Theory | External – 25 Marks |
|---|---|---|
| | | Internal – 25 Marks |

**Course Outcome : ( હેતુઓ )**

**વિદ્યાર્થીઓ -**

- પ્રૂફરીડિંગ વિશે સમજ કેળવે.
- પ્રૂફરીડિંગની આવશ્યકતા અને ઉપયોગિતા જાણે.
- વ્યાવસાયિક કારકિર્દી માટે સક્ષમ બને.

| અ.નં. | એકમ | | ક્રેડિટ | કલાક |
|---|---|---|---|---|
| ૧ | એકમ– ૧ | ૧. પ્રૂફરીડિંગ એટલે શું ?<br>૨. પ્રૂફરીડિંગની પદ્ધતિઓ | 2 | અઠવાડિક બે કલાક |
| 3 | એકમ– 3 | ૧. પ્રૂફવાચનની સંજ્ઞાઓ ( જુઓ,પરિશિષ્ટ )<br>૨. પ્રૂફવાચનના તબક્કા | | |
| ૪ | એકમ– ૪ | પ્રૂફસુધારણા માટેનો ગદ્યખંડ :<br>એકબીજાના વિકલ્પે પ્રશ્ન પુછાશે. | | |

સંદર્ભગ્રંથો :


૧. પ્રૂફરીડિંગ – રતિલાલ સાં. નાયક
૨. ભાષાવિવેક – ભાષાનિયામકની કચેરી,ગાંધીનગર
3. પ્રૂફરીડિંગ કેવી રીતે થાય છે ? – જિતેન્દ્ર દેસાઇ ( નવજીવન પ્રકાશન, અમદાવાદ )

## પ્રૂફવાચન

સામગ્રી છપાવતાં પહેલાં તેનાં પ્રૂફ વાંચીને સુધારવાં પડે છે. હાથે લખેલા કે ટાઈપ કરેલા લખાણના આધારે પ્રેસ તરફથી તૈયાર કરાયેલ છાપકામ માટેનું કાચું લખાણ પ્રૂફના નામે ઓળખાય છે અને જરૂર પ્રમાણે તે એક બે વાર કે વધારે વખત વાંચીને તેમાંની ભૂલો દર્શાવવી પડે છે. આ પ્રૂફમાં ભૂલો દર્શાવવા માટે નીચેની સર્વમાન્ય નિશાનીઓ પ્રચલિત છે. આ નિશાનીઓ પ્રૂફના જમણી કે ડાબી બાજુના હાંસિયામાં અનુકૂળતા પ્રમાણે દર્શાવવાની હોય છે અને મૂળ લખાણમાં પણ અનુરૂપ નિશાની કરવાની હોય છે.

| હાંસિયામાં કરવાની નિશાની | નિશાનીનો અર્થ | મૂળ લખાણમાં કરવાની નિશાની |
|---|---|---|
| / | અક્ષર બદલીને મૂકો | / |
| λ | અક્ષર ઉમેરો | λ |
| d | અક્ષર રદ કરો | / |
| (d) | અક્ષર રદ કરી લખાણ ભેગું કરો | (/) |
| ⁀‿ | અક્ષરો વચ્ચેની જગ્યા દૂર કરી લખાણ ભેગું કરો | ⁀‿ |
| # | જગ્યા કરો/અક્ષરો છૂટા પાડો | / |
| trans | અક્ષરો કે શબ્દો અદલાબદલી કરો | ഗ |
| Stet | યથાવત્ રાખો | ........... |
| " " | અવતરણ ચિહ્ન મૂકો | V V |
| [ | ડાબી બાજુ ખસેડો | [ |

| હાંસિયામાં કરવાની નિશાની | નિશાનીનો અર્થ | મૂળ લખાણમાં કરવાની નિશાની |
|---|---|---|
| ⅂ | જમણી બાજુ ખસેડો | ⅃ |
| *w. f.* | ખરા ફાઉન્ટનો અક્ષર મૂકો | o |
| = | લીટીઓ સીધી કરો | = |
| *n. p.* | નવો ફકરો શરૂ કરો | /P |
| *run on* | અહીં નવો ફકરો રાખવાનો નથી/ લખાણ સળંગ રાખો | ✓ |
| /– | હાઈફન કે ડેશ ઉમેરો | /– |
| V | માત્રા મૂકો | V |
| V̇ | અનુસ્વાર મૂકો | V |
| ⊙ | પૂર્ણવિરામ મૂકો. | *h* |
| < | જગ્યા ઘટાડો | < |
| ,/ ;/ :/ | અલ્પવિરામ, અર્ધવિરામ કે ગુરુવિરામ મૂકો. | / |
| └─┘ | અક્ષર કે શબ્દ નીચે ઉતરી ગયેલ છે તો તેને ઉપર લો. | └─┘ |
| ┌─┐ | અક્ષર કે શબ્દ ઉપર ચઢી ગયેલ છે તેને નીચે ઉતારો. | ┌─┐ |